## તંત્રી સ્થાનેથી

પાછલા દિવસોમાં જે વિષયે આપણે સૌએ સાથે મળીને મુસ્લિમ પર્સનલ લો અને ત્રણ તલાક વિશે સહી જુંબેશ ચલાવી હતી, એ ત્રણ તલાકના કેસનો ચુકાદો તા. ૨૨ ઓગસ્ટના દિવસે આવી ગયો છે. તાત્કાલિક રીતે એની સમીક્ષા કરીને એ જ દિવસે જે પ્રેસ નોટ મુસ્લિમ પર્સનલ લો તરફથી જારી કરવા આવી છે, એમાં ટુંકમાં બધી બાબતો આવી જાય છે. એટલે અત્રે એને જ તંત્રી લેખ તરીકે આપની સમક્ષ રજૂ કરવામાં આવે છે.

મુસલમાનોની પ્રતિનિધિ સંસ્થા તરીકે અમે સુપ્રિમ કોર્ટના ચુકાદાને આવકારીએ છીએ. ચુકાદામાં કોર્ટે 'મુસ્લિમ પર્સનલ લો'ના સ્થાથી અસ્તિત્વને સ્વીકાર કર્યું છે. કોર્ટનું કહેવું છે કે બુનિયાદી અધિકારોને બહાનું બનાવીને પર્સનલ લોને ચેલેન્જ કરી શકાય નહીં. બેંચના બહુમતિ જજો (જસ્ટીસ ખેહર, જસ્ટીસ અબ્દુન્નઝીર, અને જસ્ટીસ કુરીયન)એ એમના ફેસલામાં નોંધ્યું છે કે, પર્સનલ લો આર્ટીકલ ૨૫માં આપવામાં આવેલ ધાર્મિક સ્વતંત્રતાનો એક ભાગ છે. આ નિર્ણય આપણા વલણને અનુમોદન આપે છે. એના થકી નાગરિકોના સ્વતંત્ર અધિકારો એટલે ધાર્મિક રીત રસમો અને માન્યતાઓને અનુસરવાના અધિકારને સમર્થન મળે છે. આ ચુકાદને ચિન્હરૂપ ગણીને હવે પછી કોર્ટ દ્વારા કોઈ પણ સમુહના ધાર્મિક અધિકારોમાં દખલ દેવામાં ન આવે એ આવશ્યક છે.

જયાં સુધી એક સાથેની ત્રણ તલાક (તલાકે બિદઅત)નો પ્રશ્ન છે, એ વિશે અમે પહેલેથી જ અદાલતને બતાવી ચુકયા છે કે ધાર્મિક રીતે આ બાબત પૂરવાર હોવા છતાં ધર્મની દષ્ટિએ પણ આ રીત બેહતર ગણવામાં નથી આવતી. અનેક સર્વે દ્વારા આ તારણપણ સામે આવ્યું છે કે એનું પ્રમાણ પણ ઘણું જ ઓછું છે. લાંબા સમયથી અમે પણ આ સંદર્ભે સમાજ સુધારણાની ચળવળ ચલાવી રહયા છે. મુસ્લિમ પર્સનલ લો એક આદર્શ નિકાહનામું જારી કરીને તલાકની આ પ્રથા ઉપર રોક લગાવવા માટે પ્રયત્નશીલ છે. ગત ૨૨ મેના દિવસે અમે કોર્ટમાં જે સોગંદનામું રજૂ કર્યુ હતું એમાં પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે બોર્ડ દ્વારા નિકાહ પઢાવનાર કાઝીઓ અને મોલ્વીઓને સુચના આપવામાં આવી છે કે નિકાહ પઢાવતી વખતે બંને પક્ષોની મંજૂરીથી

આ શરત પણ મુકી દેવામાં આવે કે શોહરને બીવીને એક સાથે ત્રણ તલાક આપવાનો અધિકાર રહેશે નહીં. અમે આ પણ જાણીએ સમજીએ છીએ કે ભારતમાં ઘણા બધા મુસલમાનો આવી તલાકે બિદઅતને બુનિયાદી ધાર્મિક માન્યતા અને ધાર્મિક રીતે માન્ય હોય એવા કાર્યના સ્વરૂપમાં જુએ છે. ખેર, અમે કોર્ટના ચુકાદાને આવકારીએ છીએ અને સંબંધિત મસ્અલાઓ બાબતે વિચાર વિમર્શ કરીને એના ઉકેલના રસ્તાઓ શોધવાનો પ્રયત્ન કરીશું.

બેંચના જજોની બહુમતિ (જસ્ટીસ નરીમન, જસ્ટીસ લલિત, જસ્ટીસ કુરીયન) દ્વારા એક સાથેની ત્રણ તલાકને ગેરકાનૂની ગણીને અમાન્ય કરાર દેવામાં આવી છે, અને ચીફ જસ્ટીસ ખેહર, તેમજ જસ્ટીસ અબ્દુન્નઝીરે આ બાબત પાર્લામેન્ટને હવાલે કરવાની વાત કહી છે. આ આધારે પાર્લામેન્ટને હવાલે કરવાની વાત ત્રણ વિરુદ્ધ ફકત બે જ જજોની છે એટલે સરકાર આ ચુકાદાને બહાનું બનાવીને કોર્ટના ફેસલાને ગલત રીતે ઉપયોગ ન કરે અને મુસલમાનોના પર્સનલ લો વિરુદ્ધ કોઈ કાયદા બનાવી શકે નહીં.

આ ચુકાદાનું એક દિલચસ્પ બલકે વિવાદાસ્પદ કહી શકાય એવું પાસું આ છે કે એક તરફ જસ્ટીસ કુરીયન પર્સનલ લોને સ્વીકાર્ય ઠેરવીને એ બાબતે કંઈ પણ હસ્તક્ષેપ કરવાને ખોટું કહે છે, પણ સાથે જ પર્સનલ લોમાં જેની જોગવાઈ છે એવી ત્રણ તલાક (triple talaq in one sitting/instant Triple Talaq)ને રદબાતલ કહે છે. એટલે એક રીતે આ આખો ચુકાદો વિરોધાભાસી બની ગયો. બેંચના બહુમતિ સભ્યો (ચીફ જસ્ટીસ ખેહર, અબ્દુન્નઝીર અને કુરિયન જોઝફ) પર્સનલ લો બાબતે કંઈ પણ હસ્તક્ષેપ કરવાને ખોટું કહે છે અને આ જ બેંચના બહુમતિ સભ્યો (જસ્ટીસ નરીમન, જસ્ટીસ લલિત, જસ્ટીસ કુરીયન) પર્સનલ લોમાં હસ્તક્ષેપ કરીને ત્રણ તલાકને રદબાતલ પણ કહે છે.

હવે પછી તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ ભોપાલ ખાતે મુસ્લિમ પર્સનલ લો બોર્ડની વર્કીંગ કમીટીની એક મીટીંગ થવા જઈ રહી છે. એમાં સમાજને લગતા અન્ય પ્રશ્નો સાથે આ બાબતે પણ વિચાર વિમર્શ કરવામાં આવશે.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ. (બ્લેકબર્ન. યુ.કે.)*

**૧૧૪**

## *વિવિધ વખતોની નમાઝમાં રસૂલુલ્લાહ (સલ.)ની કિરાઅત*

(١٣٠) عَنْ سُلَيْمَانَ بْنِ يَسَارٍ عَنْ اَبِي هُرَيْرَةَ قَالَ مَاصَلَّيْتُ وَرَاءَ اَحَدٍ اَشْبَهَ صَلٰوةً لِرَسُوْلِ اللّٰهِ ﷺ مِنْ فُلَانٍ قَالَ سُلَيْمَانُ صَلَّيْتُ خَلْفَهٗ فَكَانَ يُطِيْلُ الرَّكْعَتَيْنِ الْاُولَيَيْنِ مِنَ الظُّهْرِ وَيُخَفِّفُ الْاُخْرَيَيْنِ وَيُخَفِّفُ الْعَصْرَ وَيَقْرَأُ فِي الْمَغْرِبِ بِقِصَارِ الْمُفَصَّلِ وَيَقْرَأُ فِي الْعِشَاءِ بِوَسْطِ الْمُفَصَّلِ وَيَقْرَأُ فِي الصُّبْحِ بِطِوَالِ الْمُفَصَّلِ۔(رواه النسائی)

તરજુમોઃ– હઝરત સુલેમાન બિન યસાર તાબઈ હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત કરે છે કે તેમણે (તેમના સમયના એક ઈમામ તરફ ઈશારો કરતાં) ફરમાવ્યું કે મેં કોઈની પાછળ એવી નમાઝ નથી પઢી જે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની નમાઝને મળતી હોય, ફલાણા ઈમામ જેવી, સુલેમાન બિન યસાર કહે છે કે તેમની પાછળ મેં પણ નમાઝ પઢી છે. તેમનો મામૂલ હતો કે ઝોહરની પહેલી બે રકાતો લાંબી પઢતા હતા. અને પાછલી બે રકાતો હલ્કી પઢતા હતા. અને અસરની નમાઝ હલ્કી જ પઢતા હતા. અને મગરિબમાં કિસારે મુફસ્સલ અને ઈશામાં અવસાતે મુફસ્સલ પઢતા હતા. અને ફજરમાં તિવાલે મુફસ્સલ પઢતા હતા. (નસાઈ શરીફ)

ખુલાસો :– "મુફસ્સલ" કુર્આન પાકની છેલ્લી મંઝિલની સૂરતોને કહેવામાં આવે છે. એટલે સૂરએ હુજુરાતથી છેવટ કુર્આન સુધી, પછી તેના

પણ ત્રણ ભાગ કરવામાં આવ્યા છે. હુઝૂરાતથી લઈ બુરૂજ સુધીની સૂરતોને તિવાલે મુફસ્સલ કહેવામાં આવે છે. અને બુરૂજથી લમયકુન સુધીની સૂરતોને અવસાતે મુફસ્સલ અને લમયકુનથી છેલ્લે સુધીની સૂરતોને કિસારે મુફસ્સલ કહેવામાં આવે છે.

આ હદીષમાં તેમનું નામ વર્ણન કરવામાં આવ્યું નથી. જેમના વિષે અબૂ હુરૈરહ (રદિ.)નું એ બયાન છે કે તેમની નમાઝ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની નમાઝથી ઘણી જ મળતી હતી. બીજા કોઈ પાછળ મેં એવી નમાઝ નથી પઢી જે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની નમાઝને મળતી હોય.

મતલબ કે તેમનું નામ ન તો અબૂ હુરૈરહ (રદિ.)એ બયાન કર્યુ, ન સુલેમાન બિન યસાર તાબઈએ બયાન કર્યુ. પરંતુ હદીષ વેત્તાઓએ માત્ર અંદાઝે તેમની નક્કી કરવાની કોશીષ કરી છે. પરંતુ કોઈ વાત પણ એ બાબતમાં શંતોષ કારક નથી, પરંતુ હદીષનું બયાન બિલ્કુલ સાફ છે. નામ જાહેર ન થવાથી અસલ મસ્અલા પર કોઈ ફરક પડતો નથી.

સુલેમાન બિન યસાર તાબઈએ તેમની નમાઝ વિષે જે વિગત બયાન કરી છે હઝરત અબૂ હુરૈરહ (રદિ.)ના ઉપરોકત ફરમાનના આધારે જાણવા મળે છે કે વિવિધ વખતોની નમાઝોની કિરાઅત વિષે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો આમ મામૂલ તે જ હતો જે તેમનો મામૂલ સુલેમાન બિન યસારે વર્ણન કર્યો છે. એટલે ઝોહરની નમાઝમાં લંબાણ, અસરની નમાઝમાં ટુંકાણ, મગરિબમાં કિસારે મુફસ્સલ, ઈશામાં અવસાતે મુફસ્સલ અને ફજરમાં તિવાલે મુફસ્સ્લ.

હઝરત ઉમર (રદિ.)એ એ વિષે હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.)ને જે પત્ર લખ્યો હતો (જેનું પહેલાં પણ વર્ણન થયું) તેમાં પણ વિવિધ નમાઝોની કિરાઅત વિષે એ જ સુચના કરવામાં આવી હતી. મુસન્નફ અબ્દુર્રઝાકમાં સનદ સાથે હઝરત ઉમર (રદિ.)ના પત્રનું વર્ણન આ શબ્દોમાં કરવામાં આવ્યું છે.

"كَتَبَ عُمَرُ الٰى اَبِىْ مُوسٰى اَنِ اقْرَأْ فِى المَغْرِبِ بِقِصَارِ الْمُفَصَّلِ وفِىْ

العِشاء بِوَسُطِ المُفَصَّلِ وَفِىُ الصُّبُحِ بِطِوَالِ المُفَصَّلِ۔ (نصب الرايه) "

અર્થાત :– હઝરત ઉમર (રદિ.)એ હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.)ને લખ્યું હતું કે મગરિબમાં કિસારે મુફસ્સલ અને ઈશામાં અવસાતે મુફસ્સલ અને ફજરમાં તિવાલે મુફસ્સલ પઢયા કરો. (નસબુર્રાયહ)

અને ઈમામ તિર્મિઝી (રહ.)એ આ પત્રનો હવાલો આપતા ઝોહરમાં અવસાતે મુફસ્સલ પઢવાની સુચનાનું વર્ણન કર્યુ છે.

*(જામિઅ તિર્મિઝી, બાબુ માજાઅ ફિલ કિરાઅતિ ફિઝ્ઝોહરિ વલ અસરિ)*

ઝાહિર છે કે હઝરત ઉમર (રદિ.)એ એ સુચના ત્યારે જ આપી હશે. જયારે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના કથન અને અમલી શિક્ષણથી એવું સમઝયા હશે. એ જ કારણે વધુ પડતા મુજતહિદ આલિમોએ વિવિધ વખતોની નમાઝોમાં કિરાઅતની હદ વિષે હઝરત ઉમર (રદિ.)ના આ પત્રને ખાસ રેહબર માની તે પ્રમાણે અમલ કરવાને વધુ યોગ્ય અને સારૂ ગણ્યું છે.

## જુમ્આ અને બંને ઈદોની નમાઝમાં રસૂલુલ્લાહ (સલ.)ની કિરાઅત

(١٣١) عَـنُ عُبَيُـدِ الـلّٰـهِ بُـنِ اَبِـى رَافِعٍؓ قَالَ اِسُتَخُلَفَ مَرُوَانُ اَبَاهُرَيُرَةَ عَلٰى الُـمَدِيُنَةِ وَخَرَجَ اِلٰى مَكَّةَ فَصَلّٰى لَنَا اَبُوُهُرَيُرَةَ الُجُمُعَةَ فَقَرَأَ سُوُرَةَ الُجُمُعَةِ فِى السَّـجَـدَـةِ الُاولٰـى وَفِـى الأخِرَةِ اِذَا جَاءَ كَ الُمُنَافِقُوُنَ فَقَالَ سَمِعُتُ رَسُوُلَ اللّٰهِ ﷺ يَقُرَأُ بِهِمَا يَوُمَ الُجُمُعَةِ۔ (رواه مسلم)

તરજુમોઃ– રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના પ્રખ્યાત ગુલામ અને ખાદિમ અબૂ રાફિઅ (રદિ.)ના સુપુત્ર ઉબૈદુલ્લાહ બિન સાફેઅ (જેઓ મહાન તાબિઈનમાંથી છે.) વર્ણન કરે છે કે મરવાન (જે સમયે અમીર મુઆવિયા (રદિ.) તરફથી મદીનાનો ગવર્નર હતો) તે હજ વગેરે કોઈ જરૂરતથી મક્કા મુઅઝઝમા ગયો અને હઝરત અબૂ હુરૈરહ (રદિ.)ને (તે દિવસો માટે) પોતાનો નાયબ બનાવી ગયો ત્યારે હઝરત અબૂ હુરૈરહ (રદિ.)એ જુમ્આની નમાઝ પઢાવી. પહેલી રકાતમાં સૂરએ જુમ્આ અને બીજી રકાતમાં સૂરએ મુનાફિકૂન પઢી અને ફરમાવ્યું કે મેં

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને જુમ્આના દિવસે આ બંને સૂરતો પઢતા સાંભળ્યા છે.

(١٣٢) عَنِ النُّعْمَانِ بْنِ بَشِيْرٍ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَقْرَأُ فِي الْعِيْدَيْنِ وَفِي الْجُمُعَةِ بِسَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰى وَهَلْ اَتَاكَ حَدِيْثُ الْغَاشِيَةِ، قَالَ وَاِذَا اجْتَمَعَ الْعِيْدُ وَالْجُمُعَةُ فِي يَوْمٍ وَاحِدٍ قَرَأَبِهِمَا فِي الصَّلٰوتَيْنِ۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત નોઅમાન બિન બશીર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)બંને ઈદો અને જુમ્આની નમાઝમાં " سبِّح اسمَ ربك الاعلٰى " અને " هـل اتاك حدِيثُ الغاشِيَةِ " પઢતા હતા. જો ઈદ અને જુમ્આ બંને એક દિવસે ભેગી ગઈ જાય તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) બંને નમાઝોમાં એ જ બે સૂરતો પઢતા હતા. (મુસ્લિમ શરીફ)

(١٣٣) عَنْ عُبَيْدِ اللّٰهِ اَنَّ عُمَرَ بْنِ الْخَطَّابِ سَأَلَ اَبَا وَاقِدٍ اللَّيْثِيَّ مَا كَانَ يَقْرَأُ بِهِ رَسُوْلُ اللّٰهِ ﷺ فِي الْاَضْحٰى وَالْفِطْرِ فَقَالَ يَقْرَأُ فِيْهِمَا بقٓ وَالْقُرْآنِ الْمَجِيْدِ وَاقْتَرَبَتِ السَّاعَةُ۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)ના ભત્રીજા હઝરત ઉબૈદુલ્લાહ બિન ઉત્બા બિન મસ્ઉદ તાબિઈથી રિવાયત છે કે હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.)એ હઝરત અબૂ વાકિદ લૈસી (રદિ.)ને પુછયું કે ઈદુલ અદહા અને ઈદુલ ફિતરની નમાઝમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)શું પઢતા હતા? તેમણે ફરમાવ્યું: આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) બંને નમાઝોમાં ''કાફ વલ્કુર્આનિલમજીદ'' અને ઈકતરબતિસ્સાઅતુ'' પઢતા હતા. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– આ હદીષોથી જાણવા મળયું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જુમ્આની નમાઝમાં બંને રકાતોમાં ક્રમવાર વધારે પડતા સૂરએ જુમ્આ અને સૂરએ મુનાફિકૂન અથવા સૂરએ આ'અલા તેમ સૂરએ ગાશિયહ પઢયા કરતા હતા. અને ઈદોની નમાઝમાં પણ એજ બે

છેલ્લી સૂરતો સૂરએ આ'અલા અને સુરએ ગાશીયહ પઢયા કરતા હતા. અથવા "કાફ વલકુર્આનિલમજીદ" અને "ઈકતરબતિસ્સાઅહ" પઢતા હતા.

પાંચેવ વખતની નમાઝો અને જુમ્આ ત્થા ઈદોની નમાઝોની કિરાઅત વિષે અત્યાર સુધી જે હદીષો ટાંકવામાં આવી, અને જે કંઈ તેમના ખુલાસાઓ લખવામાં આવ્યા તેનાથી વાંચકોએ આ બે વાતો જરૂર સમજી હશે.

(૧) આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો વધુ પડતો મા'મુલ એ હતો કે ફજરમાં લાંબી કિરાઅત ફરમાવતા હતા. અને વધુ ભાગે તિવાલે મુફસ્સલ પઢતા હતા. ઝોહરમાં પણ કંઈક લાંબી કિરાઅત ફરમાવતા હતા. અસર ટુંકી અને હલ્કી પઢતા હતા. એ પ્રમાણે મગરિબ પણ. ઈશામાં અવસાતે મુફસ્સલ પઢવું પસંદ ફરમાવતા હતા. પરંતુ કોઈ કોઈ વાર તેથી ઉલ્ટુ પણ કરતા હતા.

(૨) કોઈ નમાઝમાં હમેશાં કોઈ ખાસ સૂરત પઢવાનો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ કદી હુકમ આપ્યો નથી. અને અમલથી પણ એવું કર્યુ નથી. હા, અમૂક નમાઝોમાં વધુ ભાગે અમૂક ખાસ સૂરતો પઢવી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાબિત છે. હઝરત શાહ વલિયુલ્લાહ (રહ.) હુજ્જતુલ્લાહિલબાલિગાહમાં ફરમાવે છે,

وقد اختار رَسُوْل اللّٰهﷺ بعض السور فی بعض الصّلوات لفوائد من غیر حتم ولا طلب موکدٍ فمن اتبع فقد احسن ومن لا فلا حرج حجة اللّٰه البالغه

અર્થાત :– રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ અમૂક નમાઝોમાં કંઈક મસ્લેહતો અને ફાયદાઓ નજર સમક્ષ રાખી ખાસ સૂરતો પઢવી પસંદ ફરમાવી. પરંતુ ચોક્કસપણે તેને નક્કી કરી અને ન તો બીજાઓને તાકીદ કરી કે એવું જ કરો. જેથી એ વિષે જો કોઈ આપની તાબેદારી કરે (અને તે નમાઝોમાં તે જ સૂરતો વધુ ભાગે પઢે) તો સારૂ છે. અને જો એવું ન કરે તો તેના માટે પણ કંઈ વાંધો નથી.

---

# વ્યાજ લેવા - દેવાનો મનાઈ હુકમ અને અને એને લગતા અમુક હુકમ

––મુફ્તી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحيم

يَحْزَنُونَ ﴿٢٧٤﴾ اَلَّذِيْنَ يَاْكُلُوْنَ الرِّبٰوا لَا يَقُوْمُوْنَ اِلَّا كَمَا يَقُوْمُ الَّذِيْ يَتَخَبَّطُهُ الشَّيْطٰنُ
مِنَ الْمَسِّ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْٓا اِنَّمَا الْبَيْعُ مِثْلُ الرِّبٰوا ۘ وَاَحَلَّ اللّٰهُ الْبَيْعَ وَحَرَّمَ
الرِّبٰوا ؕ فَمَنْ جَآءَهٗ مَوْعِظَةٌ مِّنْ رَّبِّهٖ فَانْتَهٰى فَلَهٗ مَا سَلَفَ ؕ وَاَمْرُهٗٓ اِلَى اللّٰهِ ؕ وَمَنْ عَادَ
فَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢٧٥﴾ يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرْبِي الصَّدَقٰتِ ؕ
وَاللّٰهُ لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ اَثِيْمٍ ﴿٢٧٦﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاَقَامُوا الصَّلٰوةَ
وَاٰتَوُا الزَّكٰوةَ لَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٢٧٧﴾ يٰٓاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَذَرُوْا مَا بَقِيَ مِنَ الرِّبٰوٓا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٢٧٨﴾ فَاِنْ لَّمْ
تَفْعَلُوْا فَاْذَنُوْا بِحَرْبٍ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ ۚ وَاِنْ تُبْتُمْ فَلَكُمْ رُءُوْسُ اَمْوَالِكُمْ ۚ
لَا تَظْلِمُوْنَ وَلَا تُظْلَمُوْنَ ﴿٢٧٩﴾ وَاِنْ كَانَ ذُوْ عُسْرَةٍ فَنَظِرَةٌ اِلٰى مَيْسَرَةٍ ؕ وَاَنْ تَصَدَّقُوْا
خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿٢٨٠﴾ وَاتَّقُوْا يَوْمًا تُرْجَعُوْنَ فِيْهِ اِلَى اللّٰهِ ۗ ثُمَّ تُوَفّٰى كُلُّ
نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٢٨١﴾

તરજમહ : જે લોકો વ્યાજ ખાય છે તેઓ (કિયામતમાં કબરોમાંથી સીધી રીતે) ઊઠી શકશે નહિ, બલકે એવા માણસની જેમ ઉઠશે જેને શયતાન વળગીને ગાંડો કરી દે છે. આવું એટલા માટે થશે કે તેઓએ કહેતા હતા કે ખરીદ વેચાણ પણ વ્યાજુ વહેવાર સમાન જ છે. જયારે કે અલ્લાહે વેપારને હલાલ કર્યો છે અને વ્યાજને હરામ કર્યું છે. હવે જેની સામે એના પરવરદિગારની નસીહત આવી ગઈ અને તે અટકી ગયો તો જે કંઇ (આ હુકમ આવ્યા) પહેલાં લઇ ચૂક્યો તે તેનું જ છે, અને તેનો મામલો અલ્લાહને હવાલે છે, અને જે ફરીવાર વ્યાજ તરફ આવશે તો આવા લોકો દોઝખવાળા છે, જેઓ તેમાં સદા રહેશે. (૨૭૫) અલ્લાહ વ્યાજુ વધારાને બરબાદ કરી દે છે અને સદકહ(ની બરકત)ને વધારે કરે છે અને અલ્લાહ કોઈ પણ નાફરમાન પાપીને પસંદ કરતો નથી. (૨૭૬) બેશક, જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામો કર્યાં અને નમાઝ પઢતા રહયા તેમજ ઝકાત આપતા રહયા, એમને એમના પરવરદિગાર પાસેથી એમનો બદલો જરૂર મળશે. અને (આખિરતમાં) તેમને કોઈ વાતનો ખોફ કે ગમ નહીં હોય. (૨૭૭) હે ઈમાન વાળાઓ ! અલ્લાહથી ડરો, અને જો તમે ઈમાનવાળા છો બાકીનું વ્યાજ છોડી દો. (૨૭૮) અને જો આમ નહીં કર્યું તો અલ્લાહ તથા

તેના રસૂલ (સલ.) તરફથી લડાઈ માટે ખબરદાર થઈ જાઓ. અને જો તમે તૌબા કરી લો તો તમારી અસલ પૂંજી તો તમારી જ છે. તમારે કોઈના ઉપર ઝુલ્મ નથી કરવાનો અને તમારા ઉપર પણ ઝુલ્મ કરવામાં નહીં આવે.(૨૭૯) અને જો (દેણદાર) તંગીમાં હોય તો સહૂલત થતાં સુધીની મોહલત છે. અને જો તમે સદકહ (માફ) કરી દયો એ તમારા માટે વધુ સારું રહેશે જો તમને (એના સવાબની) ખબર હોય. (૨૮૦) અને તે દિવસથી ડરો, જેમાં તમે અલ્લાહ સમક્ષ તરફ લઈ જવામાં આવશો, પછી દરેકને તેની કામોનો સંપૂર્ણ બદલો આપવામાં આવશે અને એમના ઉપર કોઈ ઝુલમ નહીં થાય.(૨૮૧)

તફસીર : ઉપરોકત વ્યાજની મનાઈ અને હરામ ઠેરવવાનો આદેશ છે. પ્રથમ આયતમાં કયામતના દિવસે વ્યાજખોર લોકોના બુરા અંજામની એક નિશાનીનું વર્ણન છે. આ લોકો કયામતના દિવસે જિન્નાત વળગ્યો હોય એવા પાગલની જેમ લથડિયાં ખાતા હશે, એનાથી જ બધા સમજી જશે કે આ વ્યાજખોર છે અને એનો અંજામ શું થશે ? વ્યાજખોર લોકોને આ સજા આપવાના બે કારણો છે, એક તો વ્યાજખોરી, અને બીજું કારણ આયતમાં આગળ વર્ણવવામાં આવ્યું કે, તેઓ વ્યાજને હલાલ સમજે છે. અને જે લોકો વ્યાજને હરામ કહેતા હતા એમની સામે દલીલબાજી કરીને કહેતા હતા કે ખરીદ – વેચાણ પણ વ્યાજની જેમ એક નફાનો વેપાર છે, એને તો તમે હલાલ સમજો છો, તો વ્યાજને શીદને હરામ ઠેરવો છો ? એમની આ દલીલમાં પણ એક રીતે વ્યંગ છે. વેપાર હલાલ છે, એમાં કોઈ શક નથી, એટલે તેઓ એમ પણ કહી શકતા હતા કે વ્યાજ પણ વેપારની જેમ હલાલ હોવું જોઈએ, પણ તેઓ ઉલટા લોકો ઉપર વ્યંક કરીને કહેવા માંગે છે કે વેપાર પણ વ્યાજની જેમ છે, અને તમે વ્યાજને હરામ કહો છો તો ખરીદ – વેચાણને પણ હરામ કહો.

એક રીતે ખરીદ વેચાર અને વ્યાજ, બન્નેમાં નફો સામે રાખીને જ માણસ વહેવાર કરતો હોય છે, પણ બન્નેમાં મોટો ફરક છે, અને એ ફરક પણ જગજાહેર છે, એટલે અલ્લાહ તઆલાએ ફરક વર્ણવવાના બદલે સીધો હુકમ વર્ણવી દીધો કે, કોઈ ગમે તે દલીલબાજી કરે, અલ્લાહ તઆલાએ ખરીદ વેચાર અને વેપારને હલાલ ઠેરવ્યું છે અને વ્યાજને હરામ. માટે બન્ને સમાન નથી જ. પછી આયતના ત્રીજા ભાગમાં એક બીજો હુકમ છે. જે માણસ હવે આ આદેશ અને તાકીદ પછી વ્યાજ લેવાથી અટકી જાય તો અત્યાર સુધીનો એનો બધો વહેવાર માફ ગણાશે.

એટલે કે જે કંઈ વ્યાજ લીધું હશે એ પાછું આપવાની જરૂરત નથી. અને હવે પછી એ શું કરે છે ? વ્યાજખોરીથી અટકી જાય છે કે પછી ફરીપાછો વ્યાજુ વહેવાર કરવા માંડે છે એ અલ્લાહને હવાલે છે, જો તે વ્યાજુ વહેવાર કરવા માંડશે તો જહન્નનમાં જશે.

પછીની આયતમાં વ્યાજ અને સદકહ વચ્ચે એક સમીક્ષાનું વર્ણન છે. અલ્લાહ તઆલા વ્યાજ દ્વારા મેળવવામાં આવેલ વધારને નષ્ટ કરી દે છે, અને સદકહ કરીને માણસે પોતોના માલ ઓછો કર્યો છે છતાં એના માલમાં અલ્લાહ તઆલા વધારો કરે છે. એટલે કે વ્યાજમાં માલ વધે છે છતાં અલ્લાહ તઆલાના હુકમથી એ નષ્ટ થઈ જાય છે અને સદકહમાં માલ ઓછો થાય છે છતાં અલ્લાહ તઆલાના હુકમથી માલમાં બરકત થાય છે. આવું એટલા માટે વ્યાજમાં માણસ અલ્લાહ તઆલાની નાફરમાની કરીને નાજાઈઝ રીતે માલ વધારવા ચાહે છે, એટલે અલ્લાહ તઆલા એને ઊંધો બદલો આપે છે અને માલ ઓછો કરી દે છે, અને સદકહમાં માણસ અલ્લાહ તઆલા ખાતર માલ ખર્ચ કરે છે અલ્લાહ તઆલા એને પણ ઊંધો બદલો આપે છે અને એનો માલ વધારે કરી દે છે. સદકહ દ્વારા માલનું વધવું અને વ્યાજના કારણે માલનું ઘટવું દુનિયામાં જાહેરી રીતે પણ થઈ શકે છે અને આખિરતમાં પણ થઈ શકે છે એટલે કે વ્યાજખોરનો મબલખ માલ એને કોઈ કામ નહી આવે અને સદકહ કરનારનો થોડોક માલ પણ એને ઘણો કામ આવશે.

આયતનં ૨૭૯ વ્યાજ વિશેની એક ઘટના બાબતે નાઝિલ થઈ હતી. ઈસ્લામ પૂર્વે આરબોમાં વ્યાજનો વહેવાર સામાન્ય હતો. બનૂષકીફ કબીલાનું વ્યાજુ કરજ બનૂ મખ્ઝૂમ કબીલા પાસે બાકી હતું. બનુ મખ્ઝૂમના લોકો મુસલમાન થઈ ગયા પણ બનુષકીફના લોકો હજુ મુસલમાન થયા ન હતા. ફત્હે મક્કા પછી મક્કામાં બનુષકીફના લોકોએ એમના કરજ અને વ્યાજની માંગણી કરી તો બનૂમખ્ઝૂમના લોકોએ મુસલમાન હોવાના કારણે ઈન્કાર કરી દીધો. એમનો ઝઘડો તે વેળાના મક્કાના હાકેમ પાસે પહોંચ્યો તો એમણે મદીના શરીફ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પત્ર લખીને માર્ગદર્શન માંગ્યું, આ ઘટના સંબંધે જ ઉપરોકત આયત નાઝિલ થઈ અને એમાં કહેવામાં આવ્યું કે, વ્યાજના ગુનાથી તોબા કરી લ્યો. વ્યાજ જતું કરો અને કરજનીછ અસલ પૂંજી પાછી લઈ લો એ જ અલ્લાહ અને એના રસૂલનો હુકમ છે. અને જો તમને અલ્લાહનો આ

હુકમ મંજૂર ન હોય તો અલ્લાહ અને એના રસૂલ તરફથી લડાઈનું ચેલેન્જ સ્વીકારી લ્યો. એટલે કે વ્યાજ છોડાવવા માટે તમારી સાથે લડાઈ પણ કરવામાં આવશે. વ્યાજખોર માટે અલ્લાહ તઆલા અને રસૂલ તરફથી લડાઈની ધમકી કુરઆન અને હદીસમાં બીજા કોઈ ગુના ઉપર વર્ણવવામાં નથી આવી, એનાથી વ્યાજની બુરાઈ સમજી શકાય છે.

વ્યાજુ વહેવાર છોડવા પછી અસલ પૂંજી મળવાનો મતલબ આ છે કે અત્યાર સુધી જેટલી અસલ પૂંજી અને એના ઉપર વ્યાજ લઈ ચુકયા છો, એ વ્યાજ માફ ગણાશે અને બાકીની અસલ પૂંજી મળશે, એનું વ્યાજ નહીં મળે. અત્યાર સુધી લીધેલા વ્યાજને પણ અસલ પૂંજીમાં ગણીને કાપી લેવામાં આવે તો તમો લેણદાર ઉપર ઝુલમ ગણાય અને બાકી પૂંજીનું પણ વ્યાજ હજુ ગણવામાં આવે તો દેણદાર ઉપર ઝુલમ થાય. પણ હવે ઝુલમ કરવાનો પણ નથી અને સહેવાનો પણ નથી. એટલે પૂંજી તો પાછી મળશે પણ વ્યાજ નહીં મળે.

ત્યાર પછી આયત નં ૨૮૦માં કહેવામાં આવ્યું છે કે, વ્યાજ હરામ કરવામાં આવ્યું એટલે હવે વધારે માલ મળવાની આશા ન હોવાથી કરજ પરત મેળવવા માટે દેણદાર ઉપર ખોટું દબાણ ન કરશો. જો દેણદાર તંગીમાં હોય તો વ્યાજ ચઢાવ્યા વગર સવલત થાય ત્યાં સુધી એને મોહલત આપો. અને કરજ જ માફ કરી દયો તો એમાં ઓર વધારે ફાયદો છે.

વ્યાજખોર માણસ માલનો ઘણો લાલચુ હોય છે, અસલ પૂંજી અને વ્યાજ બન્નેમાંથી કંઈ પણ છોડવા તૈયાર નથી હોતો. હવે જયારે વ્યાજને હરામ કરવામાં આવ્યું તો અલ્લાહ તઆલા આ બીમારીને જડમુળમાંથી ઉખેડે ફેંકવા લોકોને તાકીદ ફરમાવે છે કે વ્યાજ તો હરામ હોવાના કારણે છોડવાનું જ છે, અસલ કરજ પણ છોડી દયો તો અલ્લાહ તઆલાને એનાથી વધારે ખુશ થશે. એટલે કે માલની લાલચ ખતમ કરો. પોતાની અસલ પૂંજીની લાલચ પણ ન રાખો અને એને પણ જતી કરી દયો.

છેલ્લે આયત નં ૨૮૧ માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે કયામતનો દિવસ આવવાનો છે, એનાથી ડરતા રહો. ત્યારે અમારી સામે તમારો સંપૂર્ણ હિસાબ થવાનો છે. આજે તમે કોઈના ઉપર ઝુલમ કે અત્યાચાર કરશો તો કાલે અમે તમને તમારા કામોનો બરાબર હિસાબ ચુકવવાના છીએ. અને અમારા હિસાબમાં લોકો ઉપર કોઈ ઝુલમ નહીં થાય.

# હદીસ શરીફમાં હઝરત અલી રદિ.ના ફઝાઇલ

---

- હઝરત સઅદ બિન વક્કાસ રદિ. રિવાયત ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.ને સંબોધીને એકવાર ફરમાવ્યું હતું : (દુનિયા અને આખિરતમાં, રિશ્તેદારી અને મરબતબાના એતેબારથી અને ઈસ્લામના મદદગાર હોવામાં) તમારું સ્થાન મારા માટે એવું જ છે, જેમ હઝરત મૂસા અલૈ. માટે હઝરત હારૂન અલૈ. હતા. હા, એટલો ફરક છે કે મારા પછી કોઈ નબી નહીં આવે. (બુખારી – મુસ્લિમ)
- હઝરત અલી રદિ. ફરમાવે છે કે જે અલ્લાહ દાણાને ફાડીને એમાંથી છોડ ઉગાડે છે, અને પ્રાણીઓને પેદા કરે છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મને ખાતરી આપી હતી કે જે કોઈ સાચો – પાકો મુસલમાન હશે એ મારી સાથે મુહબ્બત રાખશે અને જે મુનાફિક હશે એ જ મારાથી અદાવત રાખશે.

મતલબ કે હઝરત અલી રદિ.ની મુહબ્બત રાખવી જરૂરી છે. એના વગર ઈમાન કામિલ નથી થઈ શકતું. હઝરત અલી રદિ.ની મુહબ્બત રાખવાનો જ એક ભાગ આ પણ છે કે હઝરત અલી રદિ.ના દોસ્તો, સગાઓ અને બીજા સઘળા સહાબા સાથે પણ મુહબ્બત રાખવામાં આવે.

- હઝરત ઈમરાન બિન હુસૈન રદિ. રિવાયત કરે છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : અલી મારા સાથે જ છે અને હું અલી સાથે છું. અને અલી દરેક મોમિનના દોસ્ત છે. (તિરમિઝી)
- હઝરત ઝૈદ બિન અરકમ રદિ. ફરમાવે છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હું જેનો દોસ્ત છું અલી પણ એમના દોસ્ત છે. (મુ. અહમદ, તિરમિઝી)

- હઝરત ઈબ્ને ઉમર રદિ. ફરમાવે છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હિજરત પછી એક અન્સારી અને એક મુહાજિર સહાબા દરમિયાન ભાઈચારાનો સંબંધ જોડયો હતો. એકવાર હઝરત અલી રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મજલિસમાં આવ્યા તો આંખોમાં આંસુ હતા. કહેવા લાગ્યા કે, આપ બીજા બધા મુહાજિર લોકોને અન્સારમાંથી ભાઈ શોધી દીધા. મારી સાથે કોઈને પણ ભાઈ બનાવ્યા નહીં ? નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તમે તો દુનિયા અને આખિરતમાં મારા ભાઈ છો. (તિરમિઝી)
- હઝરત અલી રદિ. રિવાયત ફરમાવે છે કે, હું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે જયારે પણ કોઈ વસ્તુ માંગતો, આપ જરૂર આપતા હતા અને જયારે હું ખામોશ રહેતો અને કંઈ માગતો નહીં, તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે આપતા હતા. (તિરમિઝી)
- હઝરત અલી રદિ. રિવાયત ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હું હિકમત (બુદ્ધિ – જ્ઞાન)નું શહેર છું અને અલી આ શહેરનો દરવાજો છે. એક રિવાયતમાં છે : હું ઈલ્મનું શહેર છું અને અલી એનો દરવાજો છે. અને બીજી એક રિવાયતમાં આ પણ છે કે, જે કોઈ ઇલ્મ હાસિલ કરવા ચાહે એ ઈલ્મના શહેરના દરવાજેથી અંદર આવે.
- મતલબ આ છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારફતે નુબુવ્વત અને વહીનું જે ઈલ્મ અને અલ્લાહના આદેશોની જાણકારી ઉમ્મતને મળી, એ સહાબએ કિરામ મારફતે જ મળી છે, એટલે સહાબએ કિરામ ઈલ્મે ઈલાહી અને ઈલ્મે નબવીના દરવાજા કહેવાય છે. આ બાબતે હઝરત અલી રદિ.નું સ્થાન સૌથી ઉચ્ચ છે, એ મહાનતા અને ફઝીલત બતાવવા ફકત હઝરત અલી રદિ.નું નામ લેવામાં આવ્યું. એટલે જ એક બીજી હદીસમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : મારા સહાબા આસમાને હિદાયતના

તારાઓની જેમ છે. રાહ ભટકેલ મુસાફર જે કોઈ તારાને પકડી લેશે એને એ તારો મંઝિલે પહોંચાડી દેશે.

❑ હઝરત જાબિર રદિ. રિવાયત ફરમાવે છે કે ગઝવએ તાઈફ વેળા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.ને બોલાવ્યા અને કાનમાં કંઈક કહેવા લાગ્યા. ઘણીવાર સુધી આમ વાત ચાલતી રહી તો મુનાફિકો કહેવા લાગ્યા કે પોતાના પિત્રાઈ સાથે ઘણી લાંબી વાતો કરવામાં આવી રહી છે ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખબર પડી તો ફરમાવ્યું : અલી સાથે હું નહીં, અલ્લાહ તઆલા વાતો કરતા હતા.

લડાઈ સામે હતી, અને લડાઈને લગતી એવી વાત હશે જે બધા સામે કહેવી યોગ્ય ન હોય, એટલે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કાનમાં કહી. અમુક લોકોનું એમ કહેવું કે હઝરત અલી રદિ.ને કોઈ વિશેષ ઇલ્મે બાતિન આપવામાં આવ્યું હતું જે બીજા સહાબાને આપવામાં આવ્યું ન હતું, એ બેબુનિયાદ છે.

❑ હઝરત અબૂસઈદ રદિ. ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હે અલી ! મારા અને તમારા સિવાય કોઈ બીજા માટે જાઈઝ નથી કે જનાબતની હાલતમાં આ મસ્જિદમાંથી પસાર થાય.

મતલબ આ છે કે શરૂમાં મસ્જિદે નબવીની આસપાસ સહાબાના ઘરો હતા અને દરવાજા મસ્જિદ તરફ ખુલતા હતા. આ ઘરના સ્ત્રી – પુરૂષોની આવન જાવન મસ્જિદમાંથી જ થતી હતી. પાછળથી હુકમ આપવામાં આવ્યો કે હવે ઘરોના દરવાજા મસ્જિદ તરફ બંધ કરીને પાછલી બાજુ કરી લ્યો. હવેથી જનાબતવાળા પુરૂષો અને હૈઝ વાળી સ્ત્રીઓ મસ્જિદમાંથી પસાર થવાની પરવાનગી નથી. આ હુકમમાંથી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને હઝરત અલી રદિ.ને બાકાત રાખવામાં આવ્યા.

❑ એક હદીસમાં છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ. સિવાય બીજા દરેકના ઘરોના દરવાજા બંધ કરવાનો

આદેશ આપ્યો.

- હઝરત ઉમ્મે અતીય્યહ રદિ. રિવાયત ફરમાવે છે કે એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.ને સહાબાની એક જમાત સાથે કોઈ લડાઈ માટે મોકલ્યા હતા. ત્યાર પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને મેં દુઆ કરતાં સાંભળ્યા કે, હે અલ્લાહ ! જયાં સુધી અલી સહી સલામત પાછા ન આવે, મને મોત ના આપજો.
- હઝરત ઉમ્મે સલ્મહ રદિ. રિવાયત ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : મુનાફિક લોકો અલીને પસંદ નથી કરતા અને મોમિન કદી અલી સાથે અદાવત ન રાખશે.
- બીજી એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : જેણે અલીને બુરું કહયું એણે મને બુરું કહયું.
- હઝરત અલી રદિ.ની રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને સંબોધીને ફરમાવ્યું કે,

હે અલી ! તમારી સ્થિતિ હઝરત ઈસા અલૈ. જેવી જ છે. યહૂદીઓએ એમની સાથે અદાવત અને દુશ્મની રાખી. એટલી બધી કે એમની વાલિદહ મરિયમ ઉપર બદકારીનો આરોપ પણ લગાવ્યો, અને ઈસાઈઓએ એમની સાથે એટલી બધી મુહબ્બત દર્શાવી કે એમને એવા સ્થાને મૂકી દીધા જે એમનું સ્થાન ન હતું. પછી હઝરત અલી રદિ.એ ફરમાવ્યું કે, મારા બારામાં પણ આ મુજબ બે પ્રકારના માણસો બરબાદીમાં પડશે. એક માણસ મારી મુહબ્બતમાં અતિશયોકિત દાખવનાર જે મારી એવી ખૂબીઓ વર્ણવશે જે મારામાં નથી અને બીજો અદાવત રાખનાર, જે અદાવતની આગમાં મારા ઉપર આરોપો લગાવશે. *(મુ. અહમદ. મિશ્કાત)*

---

# સફાઈ - સ્વચ્છતાનું મહત્વ

## બાળકો માટે એક સુંદર નિબંધ

સ્વચ્છતા અને સફાઈ માનવ જીવન માટે, માનવ સૃષ્ટિના વિકાસ માટે, માણસા તન અને મનની તંદુરસ્તી માટે બુનિયાદી જરૂરત છે. તંદુરસ્તી અને સ્વસ્થતા એના વગર શકય જ નથી. જે લોકો સ્વચ્છ રહે, સફાઈ અને સુંદરતાનું જતન કરે, પોતે અને આસપાસના વાતાવરણની સ્વચ્છતા પ્રત્યે પણ સજાગ રહેતા હોય એવા લોકો અને એવો સમાજ વિકસિત અને પ્રગતિશીલ કહેવાય છે. અને કોઈ પણ પ્રકારની ગંદકી ત્યાં વસતા અને ગંદકી કરતા લોકોની ખરાબ માનસિકતા અને શૈક્ષણિક પછાતપણાની નિશાની ગણવામાં આવે છે.

આપણી સૃષ્ટિ અને પ્રકૃતિનો આધાર આરંભકાળથી જ સફાઈ અને સ્વચ્છતા ઉપર રહેલો છે.

શરીરની સફાઈ હોય કે મનની સફાઈ.

આસપાસની જમીનની સફાઈ હોય કે સમાજ અને વહેવારોની સફાઈ હોય. સફાઈ અને સ્વચ્છતા વગરનું જીવન કોઈ પણ રીતે માનવીના સ્વભાવ સાથે મેળ નથી ખાતું.

આપણી આસપાસના હર્યા ભર્યા ખેતરો, નદીઓ, પહાડો અને જંગલોના આહલાદક દશ્યો સર્જનહારે પોતે સ્વચ્છ અને સુંદર બનાવ્યા છે અને આ સ્વચ્છતા જ માનવીય જીવનનો આધાર છે.

ઈતિહાસ આપણને બતાવે છે કે ભારત અને બેબીલોન, પૂર્વ અને પ્રશ્ચિમ, એશિયા અને અને યુરોપની જેટલી સંસ્કૃતિઓ આજે જીવે છે, અને જેટલી સંસ્કૃતિઓ નાશ પામી, આ બધી જ સંસ્કૃતિઓ સ્વચ્છ અને સુંદર સ્થળોએ જ વસતી હતી. સ્વચ્છતા જોઈને જ માણસોએ કોઈ સ્થળને પોતાનું મુકામ બનાવ્યું અને જયાં સુધી સ્વચ્છતા રહી, માનવ સમાજ બાકી રહયો, અને જયારે માનવીએ એની બેદરકારીથી કુદરતની સ્વચ્છતાને ખતમ કરી દીધી તો ત્યાં વસતી માનવ સંસ્કૃતિ પણ નષ્ટ થઈ

ગઈ.

ગુજરાતીમાં કહેવત છે કે જયાં ગંદવાડ ત્યાં મંદવાડ. એટલે કે જયાં ગંદકી હશે ત્યાં બીમારીઓ હશે. અને આ બીમારીઓની હઝાર દવાઓ સામે સૌથી મોટી દવા સ્વચ્છતા છે.

સ્વચ્છતા અને સફાઈ માટે માણસે મોટા ખર્ચા નથી કરવા પડતા. થોડી મહેનત કરવાની અને કાળજી રાખવાની જરૂરત પડે છે.

● ઘરમાં અને આસપાસ કચરો ભેગો થવા દેવામાં ન આવે.

● વાસણો અને કપડાં સારી રીતે ધોવામાં આવે.

● ખાવા – પીવાની વસ્તુઓ ઢાંકીને રાખવામાં આવે.

● એંઠવાડ, ખરાબ અને સડી ગયેલી વસ્તુઓ રસ્તા ઉપર ફેંકવામાં ન આવે.

● જાહેર સ્થળો અને રસ્તાઓ ઉપર કુદરતી હાજત કરવામાં ન આવે.

● કોઈ પણ પ્રકારનું મળ – મુત્ર જાહેર રસ્તાઓ ઉપર ફેંકવામાં ન આવે.

ઘણા લોકો પોતાના ઘરને તો સાફ રાખે છે, પણ ઘરની સામે જ રસ્તા ઉપર અને આસપાસ સફાઈનો ખ્યાલ નથી રાખતા.

વિશ્વના દરેક ધર્મોમાં સફાઈ પ્રત્યે વિશેષ તાકીદ કરવામાં આવી છે. મુસલમાનોના પયગંબર મુહમ્મદ સાહેબના કથન મુજબ તો સ્વચ્છતા ઈસ્લામનો અર્ધો ભાગ છે. તેઓ પોતે ઘરને ઝાડુ આપતા હતા. લોકોને સાફ રહેવાની તાકીદ કરતા હતા. આમ તેમ થુંકવાની મનાઈ ફરમાવતા હતા. કુદરતી હાજતે જનારને પણ સફાઈ રાખવાની પૂરી તાકીદ ફરમાવતા હતા. પયગંબર સાહેબ કહે છે કે, જે માણસ ઝાડના છાંયડામાં કે રસ્તા ઉપર જ કુદરતી હાજત પૂરી કરે છે એના ઉપર ખુદાની લઅનત અને ધિક્કાર છે.

પયગંબર સાહેબના એક અનુયાયી સલમાન ફારસી હતા. કુદરતી હાજત વેળા સફાઈ અને સ્વચ્છતાનો વિશેષ ખ્યાલ રાખતા હતા. કોઈ માણસે એમને તુચ્છ નજરે જોઈને કહયું કે, આટલી બધી તકેદારી

રાખવાની કોઈ જરૂરત નથી. તો એમણે જવાબ આપ્યો કે, અમને તો અમારા નબીએ દરેક બાબતે સ્વચ્છતાની તાલીમ આપી છે, અને કુદરતી હાજત વેળા તો ઓર વધારે સ્વચ્છતા જાળવવાની તાકીદ કરી છે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં પણ સફાઈનું ઘણું મહત્વ છે. મહાત્મા ગાંધીએ જે ભારતનું સપનું જોયું હતું તેમાં માત્ર રાજકીય આઝાદી ન હતી. બલકે એક સ્વચ્છ, સ્વસ્થ અને વિકસિત દેશની કલ્પના પણ એમાં શામેલ હતી. આ માટે એમણે 'જયાં સ્વચ્તા ત્યાં પ્રભતા'નો નારો પણ આપ્યો હતો.

અંતર અને મનની પવિત્રતા અને સફાઈ માટે પણ આસપાસ અને વાતાવરણની સફાઈ ઘણી જરૂરી છે. વાતાવારણ ગંદુ હોય, ચોતરફ ગંદકી ફેલાયેલી હોય તો માણસોના દિલ અને મન પણ ગંદા થઈ જાય છે અને લોકો ઈશ્વર અલ્લાહને ભૂલીને ગુનાખોરીમાં પડી જાય છે.

એટલા માટે જ ધર્મપુરૂષો, ઓલિયાઓ અને સાધુ – સંતો એમની તપસ્યા, ત્યાગ, અને મુજાહદા માટે પહાડો અને જંગલોના સુંદર અને સ્વચ્છ સ્થળોએ જઈને એકાંત ગાળે છે. આવા સ્વચ્છ સ્થળોએ રહીને ખુદા તાલાને યાદ કરવાથી મન વધારે સ્વચ્છ થાય છે.

'રોટી કપડા ઓર મકાન'ની જેમ સ્વચ્છતા અને સફાઈ પણ દરેક માણસનો બુનિયાદી અધિકાર છે. અને દરેક સરકાર ઉપર જરૂરી છે કે નાગરિકોને એમની તંદુરસ્તી જળવાય એવું સ્વચ્છ વાતાવરણ ઉપલબ્ધ કરાવે. વર્તમાન સરકારે પણ સ્વચ્છ ભારત અભિયાન ચલાવ્યું છે. પણ ફકત નારાઓ અને અભિયાનોથી કંઈ સ્વચ્છતા આવી જવાની નથી, જયાં સુધી દરેક નાગરિક સ્વચ્છતાને પોતાની ફરજ સમજીને એને પોતાની દિનચર્યામાં શામેલ ન કરે.

———————————

# મુસલમાનો કે ઉપર આને વાલે હાલાત ઓર મુસીબતેં

## કુરઆન ઓર હદીસ કી રોશની મેં

ઈદુલ ફિત્રના અવસરે જામિઅહના ઈદગાહ મેદાનમાં જામિઅહના ઉસ્તાદે હદીષ હઝરત મવલાના બશીર અહમદ ભડકોદ્રવી સા. દા.બ. એ ફરમાવેલ બયાન અત્રે વાચકો માટે રજૂ કરીએ છીએ.

---

બુઝુર્ગાને મુહતરમ ! મેરે મુઅઝ્ઝઝ દીની ભાઈયોં ! આજ અલ્લાહ રબ્બુલ ઈઝઝતને ફિર હમ કો ઈદે સઈદ કા મુબારક દિન દિખલાયા હે, અલ્લાહ તઆલા ઈસકી કદર કરને કી તૌફીક નસીબ ફરમાએ. لکل قوم عید و هذا عیدنا હર કૌમ કે ત્યોહાર હોતે હૈં હમારા ત્યોહાર યે ઈદ હે, અલ્લાહ રબ્બુલ ઈઝઝતને ઔર અલ્લાહકે રસૂલ (સલ.) ને હમે ઈબાદત કે તરીકે તો બતલાયે હી હૈં, હમેં ત્યોહાર મનાને કે તરીકે ભી બતલાયે હૈં, બલકે હમારે ત્યોહાર મેં ભી ઈબાદત હે, યાની ઈબાદત કા પેહલૂ ગાલિબ હે, ઈદ મેં હમેં દો રકા'ત વાજિબ ઈદુલ ફિત્ર કી નમાઝ પળ્હની હે ઔર ઈસ નમાઝ સે પેહલે હમેં સદકએ ફિત્ર ભી અદા કરના હે, તા કે અમીર ઈદ કરે ઉસકે સાથ સાથ ગરીબ ભી ઈદ કર લેવે, ઈસ લિયે સદકએ ફિત્ર પેહલે અદા કરના હે, ઉસકે બાદ દો રકા'ત નમાઝ પળ્હની હે, યે હમારા ત્યોહાર મનાનેકા તરીકા હે. યે અલ્લાહ કા હમ પર એહસાન હે કે ઉસને હમેં ત્યોહાર મનાને કા ભી વો તરીકા બતલાયા જિસમેં ઈન્સાનીયત હે ઔર ઈન્સાનીયત કી ભલાઈ હે ઔર ઈન્સાનીયત કો રાહત પહોંચાને કે અસ્બાબ હૈં. અગર ઈદુલ અઝ્હા (બકરી ઈદ) હે તો કુર્બાની અદા કરો, ઔર ઉસમેં સે કુર્બાની કા ગોશ્ત ખૂદ ભી ખાઓ, ગરીબોં કો ભી ખિલાવો, ઔર દોસ્તોંકો ભી ખિલાવો. ઔર ઈદુલ ફિત્ર મેં સદકએ ફિત્ર અદા કરો, ખૂદ ઈદ મનાવો ઔર આપકે સદકએ ફિત્ર કે ઝરીયે સે ગરીબ લોગ ભી ઈદ મના લેવે. તો યે ઈદ કા ત્યોહાર મનાનેસે પેહલે અલ્લાહ રબ્બુલ ઈઝઝતને હમસે ઈબાદતેં ભી કરવાઈ, રિયાઝતે ભી કરવાઈ, રમઝાનકે રોઝે રખવાએ, ઔર રમઝાનમેં હમસે તરાવીહ પઢવાઈ, બળી રિયાઝાતે શાક્કહ (મશક્કતવાલી ઈબાદતેં) કરવાઈ. કયા મકસદ હે ઐસી મશક્કતવાલી ઈબાદત કરવાને કા ? અલ્લાહ તઆલાને ઈર્શાદ ફરમાયા :

یاایها الذین آمنو کتب علیکم الصیام کما کتب علی الذین من قبلکم

રોઝે રખવાનેકી મસ્લિહત અલ્લાહ રબ્બુલ ઈઝઝત ને કુર્આને કરીમ મેં ખૂદ ઈર્શાદ ફરમાઈ હે કે શાયદ તુમ તકવેવાલે હો જાવો, યાની તુમ્હારે અંદર કી માયા

બન જાવે, તુમ્હારે દિલ સંવર જાવેં, ઔર જબ દિલ સંવર જાએંગે, અંદરકી માયા બન જાએગી તો સબ આ'માલ પર અમલ કરના આસાન હો જાએગા, તો યે રિયાઝતેં કરવાને કા મકસદ અલ્લાહ તઆલા કા યે હે કે હમરે કુલૂબ (દિલ) સુધર જાવે, હમારે દિલ બન જાવે.

એક બુઝુર્ગ સે તકવા કે બારે મેં પૂછા ગયા : વો બુઝુર્ગ ખેતીબાળી કો દેખે હૂયે થે, બાગાત, જંગલાત કો આઝમાએ હૂયે થે, ઉન્હોંને તકવે કી અપને એતેબાર સે યે તા'રીફ (મતલબ) સુનાઈ કે જૈસે કાંટે વાલે જંગલ મેં આદમી કૈસે કપડોં કો બચાને કી કોશિશ કરતા હે કે કહીં કોઈ કાંટા કપડે કો ન પકળ લેવે ઔર કપડા કાંટે મેં ન ઉલઝ જાવે, ઈસ લિયે દામન સમેટ કર કે, કપળે કો સમેટ કર કે વો નિકલતા હે, ઈસી તરીકે પર મેરે દોસ્તો ! દુન્યા કે બાઝારમેં સે તકવા કે સાથ નિકલને કા મા'ના તકવા હે. યા'ની કોઈ ઐસા કામ ઔર કોઈ ઐસા અમલ હમસે સરઝદ ન હો જિસકી વજહ સે અલ્લાહ કા કોઈ હુકમ હમસે ટૂટ જાવે, બલકે યે એહતિયાત હોના ચાહિયે કે કોઈ અમલ અલ્લાહ કે મન્શા કે ખિલાફ ન હો, યા'ની મો'મિન કા હર કોલ ઔર ફેલ (બાત ઔર અમલ) અલ્લાહ કી મરઝી કે મુતાબિક હો ઔર અલ્લાહ કી મરઝી ઔર અલ્લાહકે મન્શે કે ખિલાફ ન હો યે હે તકવા. ઔર યે હમારે દિલમેં પયદા હોના ચાહિયે, દિલ સુધરેગા તો તકવા પયદા હોગા. રસૂલુલ્લાહ (સલ.) ને એક હદીષમેં ફરમાયા التقوی ههنا واشار الی القلبه

અપને દિલકી તરફ ઈશારા કરતે હૂયે અલ્લાહે રસૂલ (સલ.)ને ફરમાયા : તકવા યહાં હોતા હે.

દિલ સંવર ગયા તો સારે અમલ આસાન, ચાહે અમલ કિતના હી મુશ્કિલ કયૂં ન હો, ચાહે રાતોં કો ઉઠના પડે, ચાહે નીંદ છોડની પડે, વો નીંદ છોડ કર તહજ્જુદ પળ્હેગા, તરાવીહ એક પારે કી હો યા તીન પારે કી હો, દિલ અગર બન જાએગા તો તરાવીહ કી મશક્કત આસાન હો જાએગી, સહાબએ કિરામ (રદિ.) કે દિલ બન ગયે થે, કયૂં કે ઉનકો રસૂલુલ્લાહ (સલ.)કી સોહબત મયસ્સર હૂઈ થી, ઔર રસૂલુલ્લાહ (સલ.) ને બડે હી એઅતિદાલ કે સાથ સહાબએ કિરામ (રદિ.)કી તરબિયત ફરમાઈ થી ઔર રિયાઝતેં કરવાઈ થીં, ઈસ લિયે ઉનકે દિલ સંવર ગયે થે ઔર ફિર ઉનકે લિયે અમલ આસાન હો ગયા થા, હમેં ભી સહાબએ કિરામકી ઈત્તિબાઅ કરના ચાહિયે.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.) ફરમાતે હૈં :

من کان منکم مستنا فلیستن بمن قدمات فان الحی لاتؤمن علیه الفتنة
اولئك اصحاب محمد ﷺ ابرها قلوبا واعمقها علما واقلها تکلفا

તર્જમા : જો ઈત્તેબાઅ કરના ચાહે, વો સહાબએ કિરામ (રદિ.) કી ઈત્તિબાઅ કરે કે વો અલ્લાહ કે નેક બંદે થે, અલ્લાહ તઆલાને ઉનકો દીનકી ખિદમત કે લિયે ઔર રસૂલુલ્લાહ (સલ.) કી સોહબત કે લિયે ચુન લિયા થા, વો દિલ કે બડે પાક થે ઔર તકલ્લુફ નામકી કોઈ ચીઝ ઉનમેં નહીં થી, ઈલ્મ કે બડે ગેહરે થે, ઉનકી ઈત્તિબાઅ (ઈકતિદા) કરની ચાહિયે. ઉન કે આષારકી પેરવી કરની ચાહિયે, ઉનકે નકશે કદમ પર ચલના ચાહિયે, અલ્લાહ તઆલાને ઉનકે બારેમેં ફરમાયા : اولئك الذين امتحن الله قلوبهم للتقوى (યે વો લોગ હૈં જિનકે દિલોંકો અલ્લાહ તઆલાને તકવા કે લિયે જાંચ લિયા હેઉ) બડે બડે હાલાત સે ઉનકો દોચાર કિયા ગયા, લેકીન ઉન કે ઈમાનમેં, ઉનકે ઈસ્તિકલાલમેં ઔર ઉનકી ઈસ્તિકામતમેં ઝર્રહ બરાર જુંબિશ નહીં આયી, ઉનકે પાયએ ઈસ્તિકલાલ મેં એક ઝર્રહ બરાબર લગઝિશ નહીં આયી, કયૂંકે રસૂલુલ્લાહ (સલ.)કી સોહબત સે ફૈઝ યાફતા (પાયે હુયે) થે ઔર રસૂલુલ્લાહ (સલ.)ને ઉનકી બડે એહતિમામસે તરબિયત ફરમાઈ થી. હાલાત ઉનકે ઉપર ભી આયે, મગર હાલાત ને ઉનકે ઈમાન, ઉન કે યકીન ઔર ઉનકી તસ્લીમ વ રઝામેં બઢ્ઢોતરી કી, જૈસા કે ઈર્શાદે બારી હે :

فلما رأى المؤمنون الاحزاب قالوا هذا ما وعدنا لله ورسوله وصدق الله ورسوله ومازادهم الا ايمانا وتسليما

કે જબ ઉન્હોં અહઝાબ યાની દુશ્મન કે કબીલોં કો અપને ઉપર હમલા કરતે હુવે દેખા, મદીનાકે ઉપર ચારોં તરફ સે અરબ કબાઈલ ઉમડ કર આ ગયે થે મદીનાવાલોં પર હાલાત બડે તંગ હો ગયે થે ઔર ઐસે તંગ હો ગયે થે કે મુનાફિકીનને તો બકના શુરૂ કર દિયા થા, જિસકો કુર્આને પાકને નકલ કિયા હે.

اذيقول المنافقون والذين فى قلوبهم مرض ماوعدنا الله ورسوله الا غرورا۔

મુનાફિકીન કેહતે થે ઔર જિનકે દિલોંમેં બીમારી થી વો કેહતે થે કે અલ્લાહ ઔર ઉસકે રસૂલને તો ધોકા હી કા વઅદા કિયા હે, દેખો ! સારા અરબ સર પે પઢ્ઢા આયા હે. ઔર લુકમએ અજલ બનને જા રહે હૈં, હમ તો મારે ગયે, મુનાફિકીનને હાય વાવેલે શુરૂઅ કર દિયે થે.

મેરે દોસ્તો ! હાલાત મેં વાવેલે વો લોગ કર હૈં જિનકે દિલોંમેં ઈમાનકી કમઝોરી હોતી હે, જિનકે દિલોંમેં ખોટ હોતી હે, વો હાલાતમેં વાવેલા કરતે હૈં, ઔર જિનકા ઈમાન મઝબૂત હોતા હે ઔર જિનકા યકીન પુખ્તા હોતા હે વો હાલાત મેં ઔર ઝયાદા પુખ્તા હોતા હે ઔર હાલાતમેં ઉનકા ઈમાન ઔર ઝયાદા મઝબૂત હોતા હે ઔર તસ્લીમો રઝા વાલી બાતેં હોતી હૈં ઔર સહાબા (રદિ.)ને હાલાતમેં

તસ્લીમો રઝા કા મુઝાહરહ કિયા, કુર્આનને કહા હે :

وَما زادهم الا ايمانا و تسليما۔

દોસ્તો ! સહાબએ કિરામ (રદિ.) વો થે કે ઉનકે ઈમાન કી હક્કાનીયત કી ઔર ઉનકે બર હક હોને કી, ઉનકે ઈમાન કે મઝબૂત હોને કી અલ્લાહ રબ્બુલ ઈઝઝતને ખૂદ સનદ દી હે :

والذين امنوا وهاجروا فى سبيل الله والذين اٰوو ونصروا اولئك هم المؤمنون حقا۔

તર્જમા : વો લોગ જો ઈમાન લાયે ઔર હિજરત કી ઔર અલ્લાહકે રાસ્તેમેં જિહાદ કિયા ઔર વો લોગ જિન્હોંને ઈન આને વાલોંકો પનાહ દી ઔર નુસ્રત ફરમાયી, યા'ની મુહાજિરીન કી મદદ કી, મુહાજિરીનકા ઈસ્તિકબાલ કિયા ઔર અપને ઘરોંમેં ઉનકો પનાહ દી ઔર બડે હી ઈષાર ઔર કુર્બાની કા મુઆમલા કિયા થા. اولئك هم المؤمنون حقا યે લોગ બરહક મોમિન હે, હકીકતમેં મો'મિન હે, ઉન કે મોમિન હોને કી સનદ ઔર ઉન કે ઈમાન કા સર્ટી અલ્લાહ રબ્બુલ ઈઝઝતને ખૂદ કુર્આન મેં દિયા હે. 'યે પક્કે ઈમાનવાલે થે'' ઔર ઈમાનવાલોંકી હાલતકે બારેમેં મેંને જો કહા કે જો મઝબૂત ઈમાનવાલે હોતે હે વો હાલાતકી વજહ સે ડગમગાતે નહીં હૈં, બલકે હાલાત કી વજહ સે ઉનકે ઈમાનમેં ઔર ઝયાદા પુખ્તગી આતી હે, ઉનકે તસ્લીમો રઝામેં ઔર ઝયાદા ઈઝાફા હોતા હે. وما زادهم الا ايمانا وتسليما સહાબા (રદિ.)ને અહઝાબકો દેખા તો ઉન કે ઈમાનમેં ઔર ઝયાદા બઢોતરી હૂઈ, કયૂંકે યે તો વો બાતેં હૈં જિન બાતોં કી પેશનગોઈ (આગાહી) રસૂલુલ્લાહ (સલ.)ને પેહલે સે ફરમાઈ થી.

મેરે દોસ્તો ! કાફલા જબ રવાના હોતા હે તો કાફલે કા સાલાર કાફલે કો રવાનગી સે પેહલે ઉસ મંઝિલ કે ઉપર પહૂંચને સે પેહલે આનેવાલે મકામાત કી ખબર દેતા હે. આનેવાલે હાલાતકી ખબર દેતા હે, ઉન મૌકોંકી ખબર દેતા હે જિન સે દોચાર હોના હે, વો ખબર દેગા કે ઐસી વાદિયાં આયેગી, ઐસી ખાઈયાં આયેગી, ઐસે જંગલાત આયેંગે, ઈન હાલાતસે ગુઝરના હોગા, મુશ્કિલાત આયેંગી, ઉસકે બાદ આપ ઉસ મંઝિલે મકસૂદ પર પહૂંચેગે, હમારા કાફલા ભી રવાના હુવા, સાલારે કારવાંને હમકો ભી પહેલે સે બતલા દિયા હે કે આપકે મંઝિલ પર પહૂંચને સે પેહલે જો મોકે આને વાલે હૈં વો બડી કઠિનાઈયોં વાલે હૈં, મંઝિલે મઅશૂક કા રાસ્તા કોઈ આસાન નહીં હોતા. બડી કઠિનાઈયોં વાલા હોતા હે. અલ્લાહ તઆલાકા ઈર્શાદ હે : ان تدخلوا الجنة ولما يأتكم مثل الذين خلومن قبلكم

તર્જમાઃ કયા તુમ યે સોચતે હો કે યૂં હી જન્નતમેં દાખિલ હો જાઓગે, ઔર

ઉન હાલાતસે દોચાર નહીં હોંગે જિન હાલતસે તુમસે પેહલે કી કૌમે દોચાર હૂઈ.

مستهم البأساء والضراء وزلزلوا

ઉનકો ભૂક – પ્યાસને આ દબોચા, ઔર હિલા દિયે ગયે થે.

ઐસે હાલાત ઉનકે ઉપર આયે થે, તો હાલાત કે ઉપર જો પક્કે મુસલમાન હોતે હૈં વો ડગમાગાતે નહીં હૈં, બલકે ઉનકો અપને ઈમાનમેં ઔર ઝયાદા સચ્ચાઈ ઔર ઔર ઝયાદા મઝબૂતી હોતી હે કે યે તો વહી બાતેં હૈં જો હમ કો હમારે કાફલે કે રવાના હોને સે પેહલે બતાઈ ગઈ હૈં. અગર બાગ–વ–બહાર કે નકશે આતે હૈં તો હમારી મંઝિલ કા સહીહ રાસ્તા નહીં હે.

ترسم نہ رسی بہ کعبہ اے اعرابی -- کیں رہ کہ تو می روی بترکستان ست

બાગ–વ–બહાર વાલા રાસ્તા હમારા નહીં. હમ રાસ્તા ભૂલે ગયે હૈં, ઔર અગર ઐસી કઠિનાઈયોંવાલે રાસ્તે આતે હૈં તો સમજો કે સહીહ રાસ્તે પર હૈં. કયૂં કે મંઝિલ પર પહૂંચને કે લિયે જો અલામતેં ઔર જો નિશાનાત સાલારે કારવાને બતલાયે હૈં યે વહી રાસ્તા હે.

મેરે દોસ્તો ! ખુલાસા યે હે કે ઈમાનવાલે હાલાત સે ગભરાતે નહીં હૈં, શિકવહ – શિકાયત યે ઈમાનવાલોંકી શાન નહીં હોતી, ઈમાનવાલોંકી શાન રાઝી બ–રઝાએ ઈલાહી હોતી હે, અગર હમ હમારી શરીઅત પર મઝબૂતી સે અમલ કરનેવાલે હોંગે ઔર હમ હમારે ઈમાનકો બચાનેવાલે હોંગે તો દુન્યાકી કોઈ તાકત હમ કો હમારે ઈમાનસે હટા નહીં સકતી હે, ઔર અગર હમને હમારે મઝબહસે ગફલત બરતી, હમને હી દીની અહકામ કો તોડા, હમને હી હમારી શરીઅત કો છોડા, તો ફિર દુન્યામેં કોઈ ઐસા સહારા નહીં હે, દુન્યામેં કોઈ ઐસા નુસ્ખા નહીં હે, ઔર દુન્યામેં કોઈ ઐસા વઝીફા નહીં હે, જો હમારી શરીઅતકો બચા સકે, ઈલ્લામાશાઅલ્લાહ. યે તો અલ્લાહને કુર્આનકી હિફાઝતકા વઅદા કિયા હે ઈસ લિયે વો મહફૂઝ હે, બાકી ગિલા–શિકવહ નહીં હોને ચાહિયે કે આજકલ મુસલમાનોં પર હાલત કૈસે ચલ રહે હૈં, ઈધર આલમે ઈસ્લામમેં ભી હાલત ખરાબ હે, હિન્દુસ્તાનમેં ભી હાલાત ખરાબ હે, યે સબ ચલતા રહેગા, ઉસકે ગિલે શિકવહ નહીં હોને ચાહિયે, યે તો વો હાલાત હૈં ઔર યે વો અલામતેં હૈં જો હમારે કાફલે કે રવાં દવાં હોને સે પેહલે સાલારે કારવાંને હમકો બતલાઈ થીં. ઈસ લિયે યે હમારે રાસ્તે કી સચ્ચાઈ કી અલામતેં હૈં.

દોસ્તો ! મો'મિનોંકા ઈમ્તિહાન લિયા જાએગા, સહાબએ કિરામ (રદિ.) કા ભી ઈમ્તિહાન હુવા ઔર વો ઉસ ઈમ્તિહામેં કામ્યાબ હૂયે, ઔર કામ્યાબ હુએ તો અલ્લાહ રબ્બુલ ઈઝઝતને ઉનકે ઈમાન કી, ઉનકી તસ્લીમ–વ– રઝાકી, ઉનકી

હક્કાનીયત કી સનદ ખૂદ કુર્આને કરીમમેં બયાન ફરમાઈ હે, ઈસ લિયે મેરે દોસ્તો ! યે ગિલે શિકવે નહીં હોને ચાહિયે, તારીખે ઈસ્લામ હમ પળ્હતે હેં, હાલાત તો ઈસસે ભી ખરાબ આયે હેં, તુર્કી કે હાલાત આપને સુને હોંગે, જબ ખિલાફત કા ખાતમા હુવા તો ઉસકે બાદ હાલાત ઈસ તરહ બિગડે થે કે વહાં પર અરબીમેં અઝાન તક નહીં પ દે સકતે થે, બલકે નમાઝોં તક પર પાબંદી હો ગઈ થી, ઓર યહાં તક હાલાત ખરાબ હો ગયે થે કે લોગોંને ઈશારોંસે ભી નમાઝેં પળ્હી, મગર દીન કો નહીં છોડા, અલ્લાહ કા શુક્ર હે કે હમ ફીલ્હાલ ઈન હાલાત સે નહીં ગુઝર રહે હે, ઈસ લિયે હમેં હાલાત પર ગિલા શિકવહ નહીં કરના ચાહિયે, બલકે હમારી શરીઅત પર અમલ કરના ચાહિયે, હમ હી અગર ગૈરોં કે દરવાઝે પર ચલે ગયે, હમ હી અગર હાલાત કે બહાવ મેં બેહ ગયે તો ફિર દુન્યામેં હમારે મઝહબ કો ઔર હમકો બચાનેવાલા કોઈ નહીં હોગા. હમેં હમારે મઝહબ કો બચાનેકે લિયે પેહલે ખૂદ અપની શરીઅત પર અમલ કરના ચાહિયે.

તીન તલાકોંકા મસ્અલા હો, યા કોઈ ઔર મસ્અલા હો, બહૂત સારે મસાઈલ ખડે કિયે ગયે હેં, રોઝાના કોઈ એક નયા મસ્અલા છેડ દિયા જાતા હે, ઉસસે પરેશાન હોનેકી ઝરૂરત નહીં હે, યે ભી સોચનેકી બાત હે કે કિસી ઔર મઝહબ કી તરફ નિશાના નહીં હોતા, ફકત મઝહબે ઈસ્લામ ઔર મુસલમાનોં કી તરફ નિશાના હોતા હે, યે ઈસ બાતકી દલીલ હે કે મઝહબે ઈસ્લામ હી હક હે, ઈસ વજહ સે હમારી ઝિમ્મેદારી ઔર બળ્હ જાતી હે, કે હમ મઝબૂતીસે હમારે ઈસ્લામ પર ઔર હમારે ઈમાન પર કાઈમ રહેં ઔર મઝબૂતી કે સાથ હમ હમારી શરીઅત કો થામે રહેં, હમને હી અગર કોર્ટ કે દરવાઝે ખટખટાયે, ચાહે તલાક કા મસ્અલા હે યા ઔર કોઈ, અગર હમ વહાં ગયે તો ફિર હમારી શરીઅત કો બચાનેવાલા કોઈ નહીં હોગા, હમારી શરીઅતકો બચાને કે લિયે હમેં હી કોશિશ કરની પડેગી, યે સરકાર કરેગી, વો હુકૂમત હમારા ભલા કરેગી, ઈસ દરવાઝે પર ઔર વો દરવાઝા ખટખટાવેં, ઈન દરવાઝોં પર જાનેકી ઝરૂરત નહીં હે. કોઈ કુછ કરનેવાલા નહીં હે, હમે અલ્લાહ કે દરવાઝે કો મઝબૂતી સે થામને ઝરૂરત હે, ઔર અલ્લાહ કી ચોખટ પર અપને જબીન (પેશાની) કો ખમ કરને કી ઝરૂરત હે. અલ્લાહ રબ્બુલ ઈઝઝત હમેં ઈસ નુકતે કો પેહચાનને કી ઔર ઈસ હિકમત કો જાનને કી તૌફીક નસીબ ફરમાએ.

(વ આખિરુ દઅ્વાના અનિલ્ હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન)

---

શરઈ માર્ગદર્શન

ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## કુરબાની માટે પાડા અને ઘેટાની ઉમર

સવાલઃ પાડાની કુર્બાની અર્થે કેટલી ઉમર હોવી જરૂરી છે ? (૨) એવી જ રીતે એક ઘેટું છે જે ૧૦ મહીનાનું છે અને દેખાવામાં વર્ષથી પણ મોટુ લાગે છે, તો શું આવા ૧૦ મહીનાના ઘેટાની કુર્બાની જાઈઝ છે ?

જવાબઃ حامدا ومصليا ومسلماً

ભેંસ, પાડો, વાછરડું, વિગેરે જાનવરોની કુર્બાની દુરૂસ્ત થવા માટે બે વર્ષનું હોવું જરૂરી છે, માટે જો પાડો બે વર્ષ અથવા તેથી વધુ ઉમરનો હોય તો તેની કુર્બાની કરવી દુરૂસ્ત છે, અને જો ઈસ્લામી મહીનાથી તેની ઉમર બે વર્ષથી ઓછી હોય તો તેવા પાડાની કર્બાની જાઈઝ નથી. (દુર્ર –શામીઃ ૪/ ૯૬૬ કિતાબુલ મસાઈલ : ૨ / ૩૧૨)

દસ (૧૦) મહીનાનું ઘેટું તંદુરસ્ત અને તાજુ હોય, દેખાવમાં એક વર્ષનું જણાતુ હોય કે જો વર્ષના ઘેટાઓમાં ઉભુ રાખવામાં આવે તો સદર ઘેટા અને વર્ષના ઘેટામાં તફાવત માલૂમ ન પડે, તો આવા ઘેટાની કુર્બાની કરવી દુરૂસ્ત છે, અને જો આવું ઘેટુ વર્ષનું માલૂમ પડતુ ન હોય, તો પછી તેની કુર્બાની કરવી દુરૂસ્ત નથી, યોગ્ય છે કે આપના ગામના કોઈ મોઅતબર આલિમને બતાવી આ વિશે ફેસલો કરવામાં આવે. (દુર્ર – શામીઃ ૯/ ૪૬૫, ઝુબદતુલ ફતાવા : ૫ / ૩૬૭)

## કાન કપાયેલ કે કાને ચીરા વાળા જાનવારની કુરબાની

સવાલ : કાન કપાયેલ હોય, ચીરો પડેલ હોય, તેવા જાનવરની કુર્બાની કરી શકાય ?

જવાબઃ حامدا ومصليا ومسلماً

કાનનો કપાયેલ ભાગ કુલ કાનના અડધા ભાગ અથવા તેથી વધુ હોય તો

તેવા જાનવરની કુર્બાની દુરૂસ્ત નથી અને કપાયેલ ભાગ કુલ કાનના અડધા ભાગથી ઓછી માત્રામાં હોય, તેવા કપાયેલ કાન વાળા જાનવરની કુર્બાની જાઈઝ છે, અલબત્ત કાન બિલકુલ કપાયેલ ન હોય તેવા જાનવરની કુર્બાની કરવું બેહતર છે. (દૂર્રે – શામીઃ ૯ / ૪૬૮,૪૬૯ ઉપરથી, કિતાબુલ મસાઈલ : ૨ / ૩૧૬) અને જો કાનમાં માત્ર ચીરા પડેલ હોય, કાન સંપૂર્ણ પણે હોય, તો તેવા ચીરા પડેલ કાનવાળા જાનવરની કુર્બાની પણ દુરૂસ્ત છે. (ફ. રહીમીય્યહઃ ૧૦ / ૫૪ ઉપરથી)

## *નર – માદા, બન્ને નિશાનીઓ વાળા જાનવરની કુરબાની*

સવાલ :જે જાનવરમાં નર અને માદા બંનેની અલામતો હોય તેની કુર્બાની કરી શકાય ?

જવાબઃ حامدا و مصليا و مسلماً

જે જાનવરનું નર અથવા માદા હોવું સ્પષ્ટ ન હોય, બલકે બંનેવ પ્રકારના ચિન્હો જોવા મળતા હોય તેવા જાનવરની કુર્બાની દુરૂસ્ત નથી, (દુર્રે – શામી : ૪ / ૯૭૦) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.(તા. ૨૬ / ઝુલકઅદહ ૧૪૩૮)

## *હિસ્સા વાળી કુરબાની કે સ્વતંત્ર કુરબાની*

(૪) સવાલ : આપણા નબી (સલ.) દર વર્ષે કુર્બાની કરતા હતા, છેલ્લાં વર્ષે ૬૩ ઊંટો પોતાના હાથથી, બાકીના હઝરત અલી (રદિ.) ના હાથે કુર્બાની ફરમાવી, ઉમ્મત આજે લાખોની માલિક હોવા છતાં અલગ અલગ ઘરના અને વિવિધ કુટુંબોના સાત (૭) વ્યકિતઓ ભેગા મળી કુર્બાની કરે છે. એટલે કે ભાગ આપે છે તો આ રીતે ભાગ આપી કુર્બાની કરવી હદીષ, કુર્આન, સહાબા અને ઈમામોથી સાબિત છે ? કિતાબના હવાલા સાથે જવાબ આપવા મહેરબાની કરશો.

જવાબ :(૪) મોટા જાનવરને સાત વ્યકિતઓ (પછી તે એક કુટુંબના હોય અથવા વિવિધ કુટુંબના) ભેગા મળી કુર્બાની રૂપે ઝબહ કરી શકે છે, હઝરાતે ફુકહાએ આ વાતની સ્પષ્ટતા ફરમાવી છે કે મોટું જાનવર સાત વ્યકિતઓની કુર્બાની માટે પુરતુ છે અને કુર્બાનીના સાત ભાગો એક મોટા જાનવરમાં નકકી કરી શકાય છે. (દુર્રે –શામી : ૯ / ૪૫૯ ઉપરથી) માટે રજૂ કરવામાં આવેલ

સ્થિતિમાં એક મોટા જાનવરની સાત વ્યકિતઓ – પછી તે એક કુટુંબના હોય કે અલગ અલગ કુટુંબોના, ભેગા મળી કુર્બાની કરી શકે છે અને આ રીતે કુર્બાની કરવામાં જયાં તેઓનો વાજિબ અદા થઈ જાય છે, ત્યાં સવાબ પણ સંપૂર્ણ મળે છે.

હુઝૂર (સલ.) એ હજ વેળાએ ૬૩ જાનવરોને ઝબહ કરી કુર્બાની અદા કરી હતી તે બધી વાજિબ કુર્બાની ન હતી, બલકે વાજિબ કુરબાની સાથે નફલી પણ હતી, માટે અલ્લામહ નવવી રહ. એ લખ્યું છે કે નફલી કુર્બાની કરવી મુસ્તહબ છે, જે તે વિસ્તારમાં જયાં ગોશ્તની જરૂરત હોય, ત્યાં શકિતશાળી માલદાર વ્યકિતઓએ બધાને ગોશ્ત મળી જાય એ આશયે કુર્બાની નફલ રૂપે કરવાનો પણ પોતાની હેસીયત મુજબ પ્રબંધ કરવો જોઈએ.

***ગામમાં જરૂરત છતાં દૂરના સ્થળે કુરબાની કરાવવી.***

(૫) સવાલ : અગર પોતાના ગામમાં ગરીબ માણસો ઈદના દિવસે વેચાતુ મટન લેતા હોય અથવા ગોશ્ત વગર રહેતા હોય અને ત્યાંના સખીદાતાઓ પોતાની કુર્બાની ગામથી દૂર કરાવે છે શું આ રીતે જાઈઝ છે ? અમારા જાણવા મુજબ ત્રણ હિસ્સા કરવામાં આવે. (૧) ગરીબો માટે (૨) સગા–સંબંધીઓ માટે (૩) પોતાના ઘર માટે. તો આ બધાને મહરૂમ રાખવામાં આવે તે યોગ્ય દેખાય ખરૂ ?

જવાબ : (૫) પોતાના ઈલાકામાં જરૂરત હોવા છતાં અન્ય સ્થાને કુર્બાની અદા કરવાથી કુરબાની કરાહત સાથે અદા થઈ જશે, બેહતર છે કે જયારે પોતાની આબાદીમાં કુર્બાનીની અછત છે, તો તે વિસ્તારના માલદાર લોકોએ પોતાની આબાદીમાં જ કુર્બાની કરવી જોઈએ, (અલ ફિકહુલ ઈસ્લામી વ અદિલ્લતુહૂ : ૩ / ૬૩૦ ઉપરથી) અને કુર્બાનીના ગોશ્ત બાબત મુસ્તહબ રીત એ છે કે તેના ત્રણ ભાગો કરવામાં આવે, જેમાંથી એક ભાગ પોતાના માટે રાખે, એક ભાગનો ગોશ્ત પોતાના સગા–સંબંધીઓમાં વહેંચણી કરી આપે. અને ત્રીજો એક ભાગ ગરીબોનેમાં વહેંચવામાં આવે. (૩ /૬૨૮ ઉપરથી) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે. (તા. ૨૦ / ૧૧ / ૧૪૩૭ હિજરી)

# જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસરના

## નવા શૈક્ષણિક સત્ર ૨૦૧૭–૧૮ની શરૂઆત અને પ્રારંભિક પોગ્રામો

અલ્હમ્દુલિલ્લાહ ! જામિઅહના નિયામઅનુસાર તાઃ ૪–જૂલાઈ–૨૦૧૭ મંગળવારના રોજ જામિઅહના નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ. નવા તથા જૂના દાખલાઓની કાર્યવાહી ૭–જુલાઈના રોજ પૂર્ણ થઈ.

### ઇફ્તેતાહી જલ્સો

તા. ૮ – જુલાઈ (શનિવાર) સવારે ૯ઃ૩૦ વાગે કુર્આને કરીમની તિલાવત બાદ એક પ્રારંભિક મજલિસ હઝરત મવલાના મુફતી ઉબેદુલ્લાહ અસદી (દા.બ.)ની સદારતમાં યોજવામાં આવી. હઝરત મવલાના નવા વર્ષની મુબારક પાઠવી દીની તાલીમની મહત્વતા અંગે વિસ્તારપૂર્વક સંબોધન કરી તલબાને તન – મન અને ધનથી તાલીમમાં લાગી રહેવા પ્રેરણા આપી હતી.

### અંજૂમનોના જલ્સા

તલબાએ કિરામમાં તકરીર અને તહરીરમાં મહારત પૈદા કરવા અરબી (મુન્તલ્લુગતલ અરબિય્યહ) તેમજ ઉર્દૂ (અંજુમને ષમરતુત્તરબિય્યત) નામી અંજુમનો ચાલે છે, જેમા અઠવાડિયામાં એક વખતે મજલિસ રાખવામાં આવે છે તલબાએ કિરામ અરબી – ઉર્દૂ તકરીરની પ્રેકટીસ કરે છે. મજકૂર બંન્નેવ અંજુમનોની સામુહિક પ્રારંભિક મજલિસ ૩૦ – જુલાઈ – ૨૦૧૭ (રવિવાર)ના રોજ રાખવામાં આવી હતી. જેમાં અતિથિવિશેષ તરીકે જામિઅહ મઅહદે અનવર – દેવબંદના શૈખુલ હદીષ હઝરત મવલાના અ.રશીદ બસ્તવી સાહેબ (દા.બ.)ને આમંત્રિત કરવામાં આવ્યા હતા. હઝરત મવલાના અમારી દઅવતને ખુશી ખુશી સ્વીકારી મજલિસનું પ્રમુખ પદ સંભાળ્યુ હતું, મજલિસના અંતે હઝરત મવલાનાએ તલબાએ કિરામની તકરીરોનું મુલ્યાંકન કરી તેમને મુબારકબાદી પાઠવી હતી અને તલબાને તેમની ભુલો પર ધ્યાન દોરી આ બાબતે વિગતવાર હિદાયતો ફરમાવી હતી. મજલિસમાં જામિઅહના રૂકને શુરા હઝરત મવલાના કારી ઈકબાલ ઈસ્લામપૂરી (દા.બ.) એ વિશેષ હાજરી આપી હતી અને તેમને પોતાના સંબોધનમાં તલબાએ કિરામની મહેતનને પ્રોત્સાહિત પોતાના મકસદને સમજી તેમાં પરોવાયેલા રહેવાની નસીહત ફરમાવી હતી.

એવી જ રીતે તિલાવતે કુર્આનને શુધ્ધ અરબી ઢબ અને ઉચ્ચારણમાં મધૂર અને સૂરીલા કંઠે અદા કરી શકે તે માટે ચાલતી (જમીઅતુલ કુર્આનીલ કરીમ)

નામી કિરાઅત અંજુમનની પ્રારંભિક મજલિસ તાઃ ૧૯ જુલાઈ બુધવારના રોજ ઈશાની નમાઝ બાદ જામિઅહની મસ્જિદમાં રાખવામાં આવી હતી. જેની સદારત જામિઅહના નાયબ મુહતમિમ મવલાના અરશદ દેવલવી સાહેબે ફરમાવી હતી. મજલિસમાં તલબાએ કિરામની કિરાઅત બાદ અંતે હઝરત મવલાનાએ કિરાઅતની અહમિયતના અનુસંધાનમાં ઘણી જ કિંમતી વાતો રજુ કરી તલબાએ કિરામને આ બાબતે લાગેલા રહેવા હિદાયત ફરમાવી હતી.

## સીરતે ઇબ્રાહીમીનો જલ્સો.

તા. ૨૩ ઓગસ્ટના રોજ તલબાની અરબી અંજુમન 'મુન્તદા' તરફથી સીરતે ઈબ્રાહીમ અલૈ. કુરબાની, હજ વગેરે વિષયોને આધારિત એક જલ્સાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેમાને ખુસૂસી તરીકે દારૂલ ઉલૂમ ફલાહે દારૈન તડકેશ્વરના ઉસ્તાદ હઝરત મવલાના ઈકબાલ દેવલ્વી મદની સાહેબ ઉપસ્થિત રહયા હતા. તલબએ કિરામે કુરબાની, હજ અને હઝરત ઈબ્રાહીમ અલૈ.ને લગતા અન્ય વિષયો ઉપર અરબીમાં તકરીરો રજૂ કરી હતી. જલ્સાના અંતે હઝ. મવ. ઈકબાલ સાહેબે તલબાને નસીહત ફરમાવી હતી.

## સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

તા. ૧૫મી ઓગષ્ટ– ૨૦૧૭ ના રોજ મૌ.મ.મેમો. હાઈસ્કૂલ – જંબુસરમાં ૭૧માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ વહેલી સવારે જંબુસરમાં પ્રભાત ફેરી સ્વરૂપે ફર્યા હતા. જેમાં ભારતની સંસ્કૃતિની ઝાંખી કરાવતા, વિવિધતામાં એકતા ધરાવતા વિવિધ પોષાકો અને વેશભૂષાઓ નગરજનોમાં આકર્ષણ જમાવ્યું હતું. મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ– જંબુસરના વિશાળ મેદાનમાં તિરંગો ફરકાવવાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ જામિઅહના નાયબ મોહતમીમ જનાબ મુફતી અરશદ અહમદ સાહબના વરદ્ હસ્તે તિરંગો ફરકાવવમાં આવ્યો હતો. શાળાની બાળાઓએ તરાન–એ – હિન્દી રજૂ કર્યું હતું. ત્યાર બાદ વિવિધ મહાનૂભવોએ પ્રાસંગિક પ્રવચનો રજૂ કર્યા હતા.

શાળાના આચાર્ય જનાબ બી.આઈ. પટેલ સાહેબે સમાજમાં શિક્ષણ અને મુસ્લીમ પ્રતિનિધિત્વના પછાતપણાની વાત કરતા જણાવ્યું હતું કે જો દલિતો અને અન્ય સમાજના લોકો શાસન વ્યવસ્થાનો ભાગ બની શકતા હોય તો આપણે કેમ નહીં ? સમાજની ઉન્નતિના લક્ષ્યાંકને સિધ્ધ કરવા જ જામિઅહની સ્થાપ્ના

કરવામાં આવી છે. મહેમાનપદેથી બોલતા મવ. અ. રશીદ નદવી સોહબે આઝાદીની લડતમાં મુસલમાનોની કુર્બાનીને યાદ કરતા જણાવ્યું હતું કે ગાંધીજીનું અસહકારનું આંદોલન હોય કે પછી ભારત છોડો આંદોલન હોય, તેને શરૂ કરનાર મુસ્લીમ આલિમો જ હતા. તેમણે મૌલાના શાહ વલીઉલ્લાહ, ઔરંગઝેબ (રહ.), ટીપુ સુલતાન (રહ.) મૌલાના અબૂલ કલામ અઝાદ, મૌલના હુસૈન અહમદ મદની (રહ.) ને ભારતના સાચા સપુતો ગણાવી અંગ્રેજોને ભારતની શકિતનો પરચો બતાવનારા ગણાવ્યા હતા.

ત્યાર બાદ જામિઅહના ઉસ્તાદ મૌલાના બશીર ભડકોદ્રવી સા. પોતાના ટૂંકા પ્રવચનમાં વર્તમાન રાજકીય પરિસ્થિતિઓ ઉપર ચાબખા મારતા જણાવ્યું હતું કે આજે ભારતભરમાં ચર્ચા કરવી હોય તો ગરીબી, બેરોજગારી, અત્યાચારોની ચર્ચા થવી જોઈએ, પરંતુ સરકાર અને મીડિયા લોકોને ગુમરાહ કરવા તુચ્છ અને બિનજરૂરી મુદ્દાઓની ચર્ચા વધુ કરે છે.

અંતમાં સૌને એક અને નેક બનાવી ભારત દેશ વધુને વધુ ઉન્નત બને તેવી દુઆઓ મૌલાના અરશદ સાહેબે કરી હતી.

---

*લગભગ પાછલા એક વરસથી જામિઅહને હઝરત અકદસ દાઈયે કબીર, મવલાના ઈબ્રાહીમ સાહેબ દેવલ્વી દા.બ.ની ઈલ્મી, અમલી, રૂહાની, દઅવતી બરકતોની સઆદત મળી રહી છે. રમઝાન પછી નવા તાલીમ વરસના આરંભે પહેલા જ દિવસે હઝરત મવલાના વિદેશની દઅવતી સફરે રવાના થતી વેળા સહુપ્રથમ જામિઅહમાં પધાર્યા હતા અને ટુંકી દુઆ ફરમાવી હતી. ત્યાર પછી અમેરિકા ખાતે તબિયત નાદુરસ્ત થઈ તો હઝરત મવલાનાની બાયપાસ સર્જરી કરવામાં આવી. ઓપરેશન બાદ ડોકટરો તરફથી સફરની રજા મળતાં મવલાના ભારત પરત આવીને હાલ જામિઅહમાં જ આરામ ફરમાવી રહયા છે. અલ્હમ્દુલિલ્લાહ હઝરત મવલાના તંદુરસ્ત છે. તબિયત ઘણી જ સુધારા ઉપર છે. દિવસે દિવસે હઝરત મવલાના વધુ સ્વસ્થ થઈ રહયા છે અને અશકિત દૂર થઈ રહી છે. આપણે સહુ દુઆ કરીએ અલ્લાહ તઆલા હઝરત મવલાનાની બધી અશકિત દૂર ફરમાવે અને એમની દીની, ઈસ્લામી, દઅવતી, ઈલ્મી અને રૂહાની ખિદમતોથી કોમની ફરીથી ફૈઝ પહોંચતો શરૂ થઈ જાય. આમીન.*

---

૭૫. બોધકથા.

એરપોર્ટ ઉપર એક ખુણામાં સ્મોકીંગ ઝોનમાં એક યુવાન સિગારેટ પીવા અંદર ગયો. સિગારેટ પૂરી કરીને એ બહાર આવ્યો તો દરવાજા પાસે જ એક માણસ એને સામે મળ્યો. સિગારેટ પીનારને ઉભો રાખીને એણે પૂછયું કે,

તમે રોજ કેટલી સિગારેટ ફૂંકો છો ?

સિગારેટ પૂનારે પૂછયું કે, ભાઈ સા'બ, આ પ્રશ્ન પૂછવાનું કોઈ કારણ ?

પૂછનારે જવાબ આપ્યો કે, તમે સિગારેટ ઉપર ખોટા પૈસા બરબાદ કરી રહયા છો. અત્યાર સુધીની તમે પીધેલી સિગારેટનો ખર્ચ તમે બચાવ્યો હોત તો તમે આજે આ પ્લેનના માલિક હોત.

સિગારેટ પીનારે સામે સવાલ કર્યો કે,

શું તમે સિગારેટ પીઓ છો ?

એણે જવાબ આપ્યો કે, બિલ્કુલ નહીં.

સિગારેટ પીનારે કહયું કે, પછી તો તમે એક પ્લેનના માલિક હશો, બરાબર ને ?

એણે જવાબ આપ્યો કે, ના, આ તો મારી શકિત બહારની વાત છે.

સિગારેટ પીનારે જવાબ આપ્યો કે,

મને સલાહ આપવા બદલ તમારો આભાર... તમને બતાવી દઉં કે, હું સ્મોકીંગ કરું છું અને આ પ્લેન પણ મારું જ છું.

વાર્તાનો સાર આ છે કે, કોઈ પણ નસીહત વિશે ખોટી ફિલોસોફી રજૂ કરવામાં ન આવે. જે કઈ નસીહત કરવામાં આવે, એ અનુભવની કસોટીએ ખરી ઉતરેલી હોવી જોઈએ. નહીંતર ખામોશ રહેવું વધારે સારું છે.

# Philosophy of Sacrifice or Qurbani

The Urdu and persian word Qurbani (Sacrificial slaughter) is derived from the Arabic word Qurban. Lexically, it means an act performed to seek Allah's pleasure. Originally, the word Qurban included all acts of charity because the purpose of charity is nothing but to seek Allah's pleasure. But, in precise religious terminology, the word was later confined to the sacrifice of an animal slaughtered for the sake of Allah.

The sacrifice of an animal has always been treated as a recognized form of worship in all religious orders originating from a divine book. Even in pagan societies, the sacrifice of an animal is recognized as a form of worship, but it is done in the name of some idols and not in the name of Allah, a practice totally rejected by Islam.

In the Shari'ah of our beloved Prophet (Sall-Allahu alayhi wa sallam) the sacrifice of an animal has been recognized as a form of worship only during three days of Zulhijjah, namely, the 10th, 11th and 12th of the month. This is to commemorate the unparalleled sacrifice offered by the Prophet Sayyidna Ibrahim, Alayhi Salam, when he, in pursuance

to a command of Allah conveyed to him in a dream, prepared himself to slaughter his beloved son, Sayyidna Isma'il, Alayhi Salam, and actually did so but, Allah Almighty, after testing his submission, sent down a sheep and saved his son from the logical fate of slaughter. It is from that time onwards that the sacrifice of an animal became an obligatory duty to be performed by every well to do Muslim.

Qurbani is a demonstration of total submission to Allah and a proof of complete obedience to Allah's will or command. When a Muslim offers a Qurbani, this is exactly what he intends to prove. Thus, the Qurbani offered by a Muslim signifies that he is a slave of Allah at his best and that he would not hesitate even for a moment, once he receives an absolute command from his Creator, to surrender before it, to obey it willingly, even if it be at the price of his life and possessions. When a true and perfect Muslim receives a command from Allah, he does not make his obedience dependent upon the command's reasonability' as perceived through his limited understanding. He knows that Allah is All-knowing, All-Wise and that his own reason cannot encompass the knowledge and wisdom underlying the divine command. He, therefore, submits to the divine command,

even if he cannot grasp the reason or wisdom behind it.

This is exactly what the Prophet Ibrahim, Alayhi Salam, did. Apparently, there was no reason why a father should slaughter his innocent son. But, when came the command from Allah, he never asked about the reason for that command, nor did he hesitate to follow it. Even his minor son when asked by his father about the dream he had seen, never questioned the legitimacy of the command, nor did he pine or whine about it, nor did he ask for one good reason why he was being slaughtered. The one and only response he made was: 'Father, do what you have been ordered to do. You shall find me, God willing, among the patient".

The present-day Qurbani is offered in memory of this great model of submission set before us by the great father and the great son. So Qurbani must be offered in our time emulating the same ideal and attitude of submission.

This, then, is the true philosophy of Qurbani. With this in mind, one can easily unveil the fallacy of those who raise objections against Qurbani on the basis of economic calculations and depict it to be a wastage of money, resources and livestock. Unable to see beyond

mundane benefits, they cannot understand the spirit Islam wants to plant and nourish among its followers, the spirit of total submission to Allah's will which equips man with most superior qualities so necessary to keep humanity in a state of lasting peace and welfare.

Qurbani is nothing but a powerful symbol of the required human conduct vis-a-vis the divine commands, however "irrational" or "uneconomic" they may seem to be in their appearance. Thus, the distrustful quest for mundane economic benefits behind Qurbani is, in fact, the negation of its real philosophy and the very spirit underlying it.

No doubt, there are in every form of worship ordained by Allah, certain worldly benefits too, but they are not the main purpose of these prescribed duties, nor should they be treated as a pre-condition to submission and obedience. All acts of worship, including Qurbani, must be carried out with a spirit of total submission to Allah, irrespective of their economic, social or political benefits. This is what Ibrahim, Alayhi Salam, did, and this is what every true Muslim is required to do,

Keeping this in view, we are giving here some rules governing the worship of Qurbani in our Shari'ah according to the Hanafi School

---

## કામની વાતો શોધતા રહો.

ઈબ્ને મુબારક રહ.ને કોઈએ કહયું કે તમે હવે ઘરડા થયા છો, હજુ કયાં સુધી હદીસો શીખતા અને યાદ કરતા રહેશો ? એમણે જવાબ આપ્યો કે, કદાચ જે હદીસ મારા કામની હોય એ હજુ સુધી મારી જાણમાં ન આવી હોય તો.. ?

## હજ જલદી કરો

ઈમામ અહમદ બિન હમ્બર રહ. હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.ની હદીસ વર્ણવી છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હજ જલદી કરી લ્યો. કોઈને ખબર નથી પડતી કે કાલે શું થવાનું છે ?

## કોનું સ્થાન કયાં ?

હકીમ તિરમિઝી ફરમાવે છે કે, યુવાન માણસ જ્ઞાનમાં મશ્ગૂલ હોય એ જ સારું છે. ઘરડો માણસ મસ્જિદમાં જ સારો લાગે છે. ઓરત ઘરમાં જ સારી છે. અને ગુનેગાર માટે જેલ જ સારી..

## બીજાનું ખોટું અનુકરણ

જે રસ્તે આપણે ચાલી રહયા છે, એના ઉપર આપણા મનને સંતોષ હોય તો પછી એના ઉપર જ ચાલતા રહીએ. ભલે ને આખી દુનિયા અવળા રસ્તે જતી હોય. બીજાઓને રાજી કરવા ખાતર પોતાનો સંતોષ ખોવો લાભની વાત નથી

## આપ ભલા તો..

જયાં સુધી અલ્લાહ તઆલાને આપણી નેક નિય્યતની ખબર છે, ત્યાં સુધી બીજાઓના બુરા ઈરાદાની આપણે કોઈ ચિંતા કરવાની જરૂરત નથી.

## અસલી સઆદત

પોતાના ભલા માટે બીજાનું બુરું ન કરો. પોતાની ભૂલ છુપાવવા બીજા ઉપર ઝુલમ ન કરો. અસલી સઆદત અને રાહત આ છે કે આપણાથી કોઈને તકલીફ ન પહોંચે.

## અકલમંદ

પોતાના સારા કે નરસા ભુતકાળમાં ખોવાયને વર્તમાન પ્રત્યે ગફલત કરનાર માણસ અકલમંદ નથી.

## સમયનું મહત્વ

હઝરત ઈબ્ને મસ્ઉદ રદિ. ફરમાવે છે કે, જયારે સૂરજ આથમે છે અને મને લાગે છે કે આજે મારા આમાલમાં કોઈ વધારો નથી થયો તો મને એટલો બધો પસ્તાવો થાય છે, બીજા કોઈ નુકસાન બાબતે એવો પસ્તાવો નથી થતો.

## પવિત્ર દિલ

જે માણસ પોતે ગુનાહોથી બચતો હોય અને બીજાઓના ગુનાહોથી પણ પરેશાન થતો હોય, તો સમજો કે એનું દિલ ઘણું જ પવિત્ર અને નેક છે.

## મનને ગમવું જોઈએ

બાવરા થઈને કદી દરદબર ન ભમવું જોઈએ
ભાગ્ય સારું હો કે નરસું મનને ગમવું જોઈએ
વ્યોમની ચોપાટ છે ને સોગઠાં પુરુષાર્થનાં
જેમ પડતાં જાય એમ રમવું જોઈએ.